


ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે


# ભાષાદીપ

## ધોરણ - 8



# ભાષાદીપ

## ધોરણ – 8

## (સ્વ-અધ્યયનપોથી)

## વર્ષ : 2019-20

**વિદ્યાર્થીનું નામ :** ______________________________

**શાળાનું નામ :** ______________________________

**ગામ / શહેર :** ______________________________

**તાલુકો :** _______________ **જિલ્લો :** _______________

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

## : માર્ગદર્શક :

**ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા**

નિવૃત્ત અધ્યક્ષ અને ડીન

શિક્ષણશાસ્ત્ર ભવન

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર

**ડૉ. હરેશ ચૌધરી**

જીસીઈઆરટી, ગાંધીનગર

**ડૉ. ઋતા એ. પરમાર**

રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર

## : લેખન – સંપાદન :

**ડૉ. ઋતા પરમાર**

**કલ્પેશ પટેલ**

**ડૉ. નીલેશ પંડયા**

**ડૉ. જૈની ભોજક**

**ડૉ. કેશુભાઈ મોરસાણિયા**

**ડૉ. રોહિત વાણંદ**

**ભરત મેસિયા**

**તરુણ કાટબામણા**

## : નિર્માણ :

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર**

## : મુદ્રણ :

**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

**શિક્ષકો માટે ...**

પ્રાથમિક શાળાનાં બાળકો ભાષાશિક્ષણની પાયાની અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે ખૂબ જરૂરી છે. સાથેસાથે ભાષાનું અર્થગ્રહણ કરીને ભાષાને માણે. ભાષાશિક્ષણમાં અર્થગ્રહણ એ સૌથી પ્રથમ આવે ત્યારબાદ શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યો આવે. કોઈપણ ભાષા શીખવાની શરૂઆત શ્રવણ અને કથનથી થાય છે, પરંતુ તેમાં જો અર્થગ્રહણ ન થાય તો કંઈ કામનું નહિ. ત્યારબાદ વિદ્યાર્થી જો વાચન કૌશલ્ય સારી રીતે હસ્તગત કરે તો તે કોઈ પણ બાબત સારી રીતે શીખી શકે છે, ગ્રહણ કરી શકે છે. વિદ્યાર્થીઓની વાચન અને અર્થગ્રહણ ક્ષમતા સારી હોય તો તેની અન્ય વિષયોની સિદ્ધિમાં પણ ખૂબ સારી અસર પડે છે. બાળકો માટે વાચનક્ષમતા નવી સૃષ્ટિ અને તકનાં દ્વાર ખોલી આપે છે. વાચનની સાથે સાથે તેમાં રહેલા ગર્ભિત અર્થને સમજવો પણ ખૂબ જરૂરી છે. તો જ વાચનનો યોગ્ય લાભ મળે. સાથેસાથે બાળકની અભિવ્યક્તિ, પ્રત્યાયન, તાર્કિક ચિંતન, અર્થગ્રહણ અને વ્યવહારિક ઉપયોજન એ બાબતો મુખ્ય છે. બાળકને અભિવ્યક્તિનો, પ્રત્યાયનનો તેમજ તાર્કિક ચિંતનનો મહાવરો આપવામાં આવે તો જ તેનો ભાષાવિકાસ થઈ શકે.

શિક્ષણના કોઈપણ સ્તરે વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ એ ખૂબ મહત્ત્વની બાબત છે. વાચન અને અર્થગ્રહણ એ પ્રતીકો સાથે વિચારોને સાંકળતી એક સંકુલ પ્રક્રિયા છે, જે વ્યક્તિ માટે જ્ઞાનપ્રાપ્તિનો એક અનિવાર્ય સ્રોત છે. રોજિંદા વ્યવહારમાં પણ વાચન અને અર્થગ્રહણ વિના ચાલી શકતું નથી.

આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓમાં વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ થાય તે માટે વાચન અભિયાન શરૂ કરેલ છે. વિદ્યાર્થીની ભાષાને બલવત્તર બનાવવાના હેતુથી આ પ્રવૃત્તિસંપુટની રચના કરવામાં આવેલ છે, જેમાં વિદ્યાર્થી માટે આનંદ ઉપજાવે એવી શબ્દરમત પ્રકારની પ્રવૃત્તિઓ છે. અહીં ભાષાની સાથે ગણિત, પર્યાવરણની પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને અન્ય વિષયનો ભાષા સાથે અનુબંધનો પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિસંપુટમાં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓને જૂથ-જોડી કે સમૂહમાં કરાવવામાં આવે તો સહજ રીતે જ બાળકની ભાષાના વિકાસનું માધ્યમ બની રહે. ભાષાના અને શિક્ષણના નિષ્ણાતો તથા પ્રાથમિક શિક્ષણ સાથે વિદ્યાકીય નાતો ધરાવતા અધ્યાપકો, શિક્ષકો દ્વારા અનુભવને આધારે પ્રવૃત્તિઓની રચના કરવામાં આવેલ છે.

વાચન અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર-ઑકટોબર માસમાં વિદ્યાર્થીઓને શ્રવણ-કથનનો પૂરતો મહાવરો મળી રહે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ આપે વર્ગખંડમાં કરાવવી હશે.

વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિમાં જેટલું વધારે શ્રવણ અને કથન કરે તેટલો તેમનું શબ્દભંડોળ વધે. या भाष्यते सा भाषा । તેથી ભાષાવિકાસ માટે સૌ પ્રથમ મૌખિક વાર્તાલાપ, ચર્ચા, સંવાદ જેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં થવી જરૂરી છે.

**ભાષાદીપ સંપુટોમાં -**

- ભાષાસમૃદ્ધિની કુલ 20 અઠવાડિયાંની પ્રવૃત્તિઓ આપેલી છે જેમાં અંદાજે 150 થી 190 જેટલી પ્રવૃત્તિઓ છે. દરેક અઠવાડિયા માટે સાત થી દસ પ્રવૃત્તિઓ આપેલી છે. આ પ્રવૃત્તિઓમાં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે. એટલે કે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી. પરંતુ તમામ વિષયોમાં ભાષા-વ્યવહાર અનિવાર્ય છે જ, તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આથી ગુજરાતી ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.
- આ પ્રવૃત્તિમાં કેટલીક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ પાઠયપુસ્તક બહારની અને કેટલીક પાઠયપુસ્તકના વિષયવસ્તુ સાથે સંબંધિત છે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે અહીં પાઠયપુસ્તકનું વિષયવસ્તુ ગૌણ પણ તેનું અર્થગ્રહણ મહત્ત્વનું છે. તેથી કોઈપણ બિંદુનું અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય, તે માટેની પ્રવૃત્તિની રચના કેવી હોવી જોઈએ તે દરેક શિક્ષકે ધ્યાનમાં લેવાનું છે, તેવી પ્રવૃત્તિની રચના કરતાં શીખવાનું ધ્યેય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓના અનુભવો દ્વારા અર્થગ્રહણની તક વિદ્યાર્થીઓને પૂરી પાડવાની છે.
- પ્રસ્તુત સંપુટોમાં કલ્પનાપ્રેરક, શબ્દરમત, શબ્દસર્જન, વિષયવર્ણન, શબ્દનિર્માણ, વાકયનિર્માણ, સર્જનાત્મક, અનુમાનપ્રેરક, વાતચીત, વિરુદ્ધાર્થી શબ્દ, સમાનાર્થી શબ્દ, મને ઓળખો, લિંગ અને કાળથી માંડીને વાકયપૂર્તિ, ચિત્રવર્ણન અને સ્વતંત્ર લેખનનો સમાવેશ કરતી પ્રવૃત્તિઓ બાળકને કરાવવાની થાય છે.  સંપુટોમાં આપેલ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને પદ્ધતિસર કરાવવામાં આવે તો તેની કક્ષા પ્રમાણે વિદ્યાર્થીની ભાષા અંગેની અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ થઈ શકશે.

**આ પ્રવૃત્તિઓની સમગ્રતાલક્ષી અસરો કેવી હશે?**

- **વિદ્યાર્થીઓને**
  - મુકત વાતાવરણ મળશે.
  - અનૌપચારિક ભાષાપ્રયોગ કરવાનો મોકો મળશે.
  - શરમ-સંકોચ દૂર થશે, બોલકણાં થશે.
  - અનેક મુદ્દાઓ પર વિચાર/લાગણી વ્યકત કરશે.
  - પાઠયપુસ્તકના વિષયવસ્તુનું દઢીંકરણ થશે.
  - વિષયોની સીમા તૂટશે-જ્ઞાનનું એકીકરણ થશે.
  - સહભાગી-અધ્યયન થશે-ભૂલો માટે શરમાવું નહીં પડે.
  - વર્ગમાં સમાજીકરણ થશે, અનેક વ્યક્તિત્વોનો પરિચય થશે.
  - શબ્દભંડોળ, વાકયરચના વૈવિધ્યમાં વધારો થશે.
  - મગજમાં અનેક ખ્યાલોની પુનઃરચના થશે.
  - નવા (Schema) સમજકોશ રચાશે.
  - લેખન અને જાહેરઅભિવ્યક્તિ સરળ બનશે.
  - કોઈપણ વિષય શીખવાનું સરળ બનશે.
- **શિક્ષકોને**
  - અનેક અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિનો પરિચય થશે.
  - વિદ્યાર્થીઓની વ્યક્તિ તરીકે ઓળખ મળશે.
  - વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓનાં દર્શન થશે.
  - વર્ગ સમરસ, અનુશાસિત બનશે.
  - વર્ગમાં વિષયશિક્ષણ વખતે વધારે સહભાગિતા થશે.
  - વિષયોનો અનુબંધ સ્થાપિત થશે.
  - અધ્યાપન સરળ બનશે.
  - ભાષાનું પ્રભુત્વ કેટલું મહત્ત્વનું છે કે સમજાશે.

**આ તમામ પ્રવૃત્તિઓ કરતી વખતે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :**

૧. ભાષા એટલે શું તથા બાળક ભાષા કેવી રીતે શીખે છે તેની સમજ બરાબર પ્રાપ્ત કરવી.

૨. ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીઓને સૌ પ્રથમ શ્રવણ અને કથનનો મહાવરો મળે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ કરાવવી, કારણ કે સાંભળવું અને બોલવું એ સહજ, પ્રાકૃતિક સ્થિતિ છે.

૩. દરેક પ્રવૃત્તિનો પ્રકાર આપેલો છે, એટલે પ્રવૃત્તિ જોડી / જૂથ / સમૂહ/વ્યક્તિગત જે પણ પ્રકારે કરવાની સૂચના આપેલી હોય તે પ્રકારે જ કરાવવી. મોટાભાગની પ્રવૃત્તિ જોડી અને જૂથમાં કરાવવાની છે, કારણ કે જોડીમાં કે જૂથમાં કામ કરવાથી વિદ્યાર્થીને એકબીજા સાથે ચર્ચા કરવાની તક મળે છે, આત્મવિશ્વાસ વધે છે. જોડીમાં કે જૂથમાં પ્રવૃત્તિ કરેલી હોવાથી ખોટું પડવાની બીક રહેતી નથી. એકબીજાના વિચારો, વિચારણાની પેટર્ન જાણવા મળે છે. મૌખિક ભાષા-વ્યવહાર બે કે બેથી વધુ વ્યક્તિઓ વચ્ચે જ સંભવ છે. આથી આપેલી સૂચના પ્રમાણે જ કામ થાય તે ખાસ જોવું.

૪. વિદ્યાર્થીઓ ભાષાનું અર્જન(કુદરતી રીતે પ્રાપ્ત કરવું) કરી શકે તે માટે વર્ગખંડમાં સહજ, સ્વાભાવિક પરિસ્થિતિ નિર્માણ કરવી. આ માટે પ્રવૃત્તિઓના વિષયો પણ રોજબરોજના વાસ્તવિક જીવનમાં અનુભવાતી પરિસ્થિતિ કે ઘટના કે પ્રસંગો આધારિત છે.

૫. આ તમામ પ્રવૃત્તિ કરાવતી વખતે મુખ્ય લક્ષ્ય બાળકોને મજા પડે તે છે. તેથી તમામ પ્રવૃત્તિ આનંદદાયી, સહજ વાતાવરણમાં અને મુક્ત રીતે થાય તે બાબત શિક્ષકે ખાસ ધ્યાન રાખવું આ પ્રકારનું વાતાવરણ પોતાના વર્ગખંડમાં રચવું.

૬. પ્રવૃત્તિ રસપ્રદ બની રહે તથા આનંદપૂર્વક કરવાનું મન થાય તે માટે અહીં વાતચીત, સંવાદ, રમતો, સ્થળ મુલાકાત, ચિત્ર, ઓડિયો, વીડિયો, રેસ્ટોરાં, મોબાઈલ જેવી બાબતો આધારિત પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે.

૭. આ તમામ પ્રવૃત્તિઓમાં તમામ વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે, એટલે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી, પરંતુ તમામ વિષયોમાં ભાષા વ્યવહાર થઈ શકે તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આ ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.

૮. દરેક ધોરણમાં એવા પ્રકારની પ્રવૃત્તિઓ આપવામાં આવેલી છે કે જેમાં વિદ્યાર્થીઓને બેઠા-સીધા જવાબ ન મળે પણ તેઓએ મનોયત્ન કરવો પડે, એટલે કે વિચારવું પડે, ચર્ચા કરવી પડે, મથવું પડે, પડકાર ઝીલવો પડે.

૯. દરેક પ્રવૃત્તિ માટે અંદાજિત સમય શિક્ષકશ્રીએ નક્કી કરવાનો છે. કોઈક વખત કોઈક પ્રવૃત્તિમાં બાળકો મશગૂલ બની ગયાં હોય અને તેમને ખૂબ મજા પડતી હોય તો તે પ્રવૃત્તિ ત્યાં જ અટકાવી દેવાને બદલે થોડા સમય માટે લંબાવી શકાય.

૧૦. મોટાભાગની પ્રવૃત્તિઓ શિક્ષકની મદદથી વિદ્યાર્થીઓને કરાવવાની રહેશે. શિક્ષકની ભૂમિકા ફેસિલિટેટર તરીકેની રહેશે. દરેક પ્રવૃત્તિ વખતે શિક્ષકે વર્ગમાં ફરતા રહીને જોડી/જૂથમાં જઈને બાળકોની ચર્ચા સાંભળવી. બાળકો વિષય પર જ બરાબર ચર્ચા કરે છે કે કેમ, આપેલી પ્રવૃત્તિ બરાબર કરે છે કે કેમ, તે જોવું અને જરૂર પડે ત્યાં માર્ગદર્શન કરવું.

૧૧. જૂથમાં તમામ સ્તરના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તે પ્રકારે જૂથની રચના કરવી. જોડીમાં કામ કરવાનું હોય તો પણ એક ઉત્તમ અને એક મધ્યમ, મધ્યમ અને પ્રિય, ઉત્તમ અને પ્રિય એવી રીતે રચના કરવી. એક અઠવાડિયા બાદ જૂથ કે જોડી બદલવી. ત્યાં સુધી એક જ રાખવી.

૧૨. પ્રવૃત્તિ પૂરી થયા પછી સમય મુજબ બે કે ત્રણ જૂથ કે જોડી પાસે તેનો સારાંશ કે અહેવાલ વર્ગ સમક્ષ રજૂ કરાવવો. એવી રીતે દરેક પ્રવૃત્તિ વખતે અલગ અલગ જૂથ કે જોડી પાસે રજૂ કરાવવું. શિક્ષકે સાથેસાથે 'પ્રવૃત્તિ કરવાની મજા પડી, કેવી રીતે તમે કાર્ય કર્યું, શી મુશ્કેલી પડી, શું જાણવા મળ્યું' જેવા પ્રશ્નો દ્વારા પ્રવૃત્તિના ઊંડાણમાં જઈને, ભાષાના ઘટકો, ભાષાની ચમત્કૃતિ, સર્જનાત્મકતા વગેરેની પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

૧૩. અઠવાડિયામાં કોઈપણ સાત પ્રવૃત્તિ ફરજિયાત કરાવવી, અન્ય પ્રવૃત્તિઓ સમય મુજબ કરાવી શકાય. અઠવાડિયા માટે આપેલી પ્રવૃત્તિમાંથી તમે કોઈપણ પ્રવૃત્તિ પ્રથમ કરાવી શકો, એટલે કે અઠવાડિયાની અંદરની પ્રવૃત્તિનો ક્રમ અનુસરવો જરૂરી નથી, પણ દરેક અઠવાડિયાનો ક્રમ અનુસરવાનો. એટલે કે પ્રથમથી લઈને વીસ અઠવાડિયાના ક્રમ મુજબ જ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રસ્તુત સંપુટ વિદ્યાર્થીઓને ભાષા અને તે થકી અન્ય વિષય શીખવામાં મદદરૂપ બની રહે તેવી અભ્યર્થના! અધ્યયન-અધ્યાપનના આ નવાં સોપાન પર સૌનું સ્વાગત છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| 1. | પહેલું અઠવાડિયું | 01 |
| 2. | બીજું અઠવાડિયું | 05 |
| 3. | ત્રીજું અઠવાડિયું | 08 |
| 4 | ચોથું અઠવાડિયું | 13 |
| 5. | પાંચમું અઠવાડિયું | 17 |
| 6. | છઠ્ઠું અઠવાડિયું | 20 |
| 7. | સાતમું અઠવાડિયું | 24 |
| 8. | આઠમું અઠવાડિયું | 28 |
| 9. | નવમું અઠવાડિયું | 32 |
| 10. | દસમું અઠવાડિયું | 37 |
| 11. | અગિયારમું અઠવાડિયું | 41 |
| 12. | બારમું અઠવાડિયું | 45 |
| 13. | તેરમું અઠવાડિયું | 49 |
| 14. | ચૌદમું અઠવાડિયું | 55 |
| 15. | પંદરમું અઠવાડિયું | 60 |
| 16. | સોળમું અઠવાડિયું | 63 |
| 17. | સત્તરમું અઠવાડિયું | 66 |
| 18. | અઢારમું અઠવાડિયું | 70 |
| 19. | ઓગણીસમું અઠવાડિયું | 74 |
| 20. | વીસમું અઠવાડિયું | 77 |

# પહેલું અઠવાડિયું

## 1. વેકેશનની મોજ     તા.     જૂથકાર્ય

- તમે વેકેશન કેવી રીતે પસાર કર્યું તેની ચર્ચા તમારા ચાર-ચારના જૂથમાં કરો. જૂથમાં તમારા દ્વારા વેકેશનમાં કઈ કઈ પ્રવૃત્તિઓ સમાન થઈ અને કઈ કઈ પ્રવૃત્તિઓ અલગ થઈ તેની યાદી બનાવો. તમારામાંથી કોને કઈ પ્રવૃત્તિમાં સૌથી વધુ મજા પડી તેની વાત જૂથમાં કરો. ત્યારબાદ તમારા જૂથે કરેલ પ્રવૃત્તિઓ, પ્રવૃત્તિઓની સમાનતા, વિવિધતા, વિશેષતાને વર્ગ સમક્ષ રજૂ કરો.

## 2. સમાન ભાવાર્થ ધરાવતાં વાક્યો     તા.     જૂથકાર્ય

- ગુજરાતી પાઠ્યપુસ્તક સત્ર : 1, પૃષ્ઠ 56 પરનો ફકરો વાંચી નીચે આપેલાં વાક્યો જેવો અર્થ ધરાવતાં વાક્યો ફકરામાંથી શોધી નીચે આપેલ લીટીમાં લખો.

  ફકરો : "માણસમાં જ્યારે ............ તો નહિ આપું."

  1. તમે જ્યારે માગવાની સ્થિતિમાં મુકાઓ ત્યારે તમે નિસ્તેજ અને ઢીલા બની જાઓ છો.

     ..........................................................................

  2. હું એવું માનતો હતો કે મારાથી પંદર પૈસા માગી શકાશે નહિ.

     ..........................................................................

  3. લેખકે તેને કીધું કે, એમને એક સંસ્કૃત ભાષાનું પુસ્તક જોઈએ છે. પણ એ ખરીદવામાં અઢી આના ખૂટે છે. જો તમે અઢી આના મને આપો તો હું પુસ્તક ખરીદી શકીશ.

     ..........................................................................

  4. જો પૈસાના અભાવે પુસ્તક નહિ મળે તો હું ભણી શકીશ નહિ.

     ..........................................................................

## 3. ગણિતગ્રહણ     તા.     જોડીકાર્ય

- ગણિતના પાઠ્યપુસ્તક પાના નં.1 પરનો $x + 5 = 5$......... સંલગ્ન છે. - ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.

  પ્રશ્નો :

  1. $y + 3 = 3$ સમીકરણના ઉકેલ માટે પ્રાકૃતિક સંખ્યાની સાથે સાથે કઈ સંખ્યા વિશે વિચારવું પડશે?

2. પૂર્ણ સંખ્યાઓમાંથી કઈ સંખ્યા બાદ કરીએ (કાઢી નાખીએ) તો પ્રાકૃતિક સંખ્યાઓનો સમૂહ મળે?
3. આપેલાં સાંકેતિક વિધાનો પૈકી કયું વિધાન નીચેના વિધાનનો અર્થ દર્શાવે છે?
   ‘ધનપૂર્ણાંક સંખ્યાઓ એ પ્રાકૃતિક સંખ્યાઓને સંલગ્ન છે.’
   (A) $6 \leftrightarrow 3$
   (B) $15 \leftrightarrow +6$
   (C) $y \leftrightarrow -3$
4. $z + 15 = 7$સમીકરણના ઉકેલ માટે નીચેનામાંથી કયું સાચું?
   (A) માત્ર પ્રાકૃતિક સંખ્યા વિશે વિચારવું પડે.
   (B) માત્ર ધનપૂર્ણાંક સંખ્યા વિશે વિચાર કરવો પડે.
   (C) ઉકેલ માટે ઋણ પૂર્ણાંકો વિશે વિચારવું જોઈએ.
5. પૂર્ણ સંખ્યા એટલે
   (A) બધી ધન સંખ્યાઓ
   (B) શૂન્ય અને ધન સંખ્યાઓ
   (C) શૂન્ય અને ઋણ સંખ્યાઓ
   (D) ધન અને ઋણ સંખ્યાઓ

## 4. પ્રવૃત્તિ : મને શું ગમે ? તા. જૂથકાર્ય

- ચાર-ચારના જૂથમાં વહેંચાઈ જાઓ. નીચેના પ્રશ્નોના જવાબ અંગે જૂથચર્ચા કરો અને વર્ગ સમક્ષ રજૂ કરો.
  1. તમને શિક્ષક પાસે ભણવાનું ગમશે કે રોબોટ યંત્ર પાસે? શા માટે?
     ..................................................................
  2. તમે પાટીપેન, નોટબૂક-પેન કે કેલ્કયુલેટર શેની મદદથી દાખલા ગણવાનું પસંદ કરશો? શામાટે?
     ..................................................................
  3. યંત્રોની ઉપયોગિતાના લાભાલાભ ચર્ચો.
     ..................................................................

## 5. પ્રવૃત્તિ : નામ અને વિશેષણની જોડી બનાવો. તા. જોડીકાર્ય

- આપેલા શબ્દોમાંથી વિશેષણ અને સંજ્ઞાની જોડી નીચેના ટેબલમાં દર્શાવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રીમંત | ઝીણા | કારમો | ભક્તિ | ભુજ | પરિવાર |
| સોનેરી | કોણ | રંગ | કંગાળ | સારસ | ષટ |
| નિશ્ચય | ભાવ | જીવ | દ્રઢ | સ્મિત | બાહુ |
| સ્ત્રી | રૂપેરી | ચતુર | મોલ | પરિશ્રમ | |
| વ્યક્તિ | અદમ્ય | માનવી | અદ્ભુત | ઘેરો | |
| ચાંદ | પ્રેમાળ | પરાજય | હૃદય | વૈરાગ્ય | |

| વિશેષણ-સંજ્ઞા | વિશેષણ-સંજ્ઞા |
|---|---|
| ઉદા. શ્રીમંત -પરિવાર | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

## 6. પ્રવૃત્તિ : ચાલો, શોધીએ! તા. જોડીકાર્ય

- નીચે કેટલીક પરિસ્થિતિઓ આપવામાં આવી છે. સૌનું કારણ શું હોઈ શકે છે એ વિચારીને લખો.

દા.ત. : ભારત દેશના એક મોટા શહેર પર બોમ્બ ફેંકવા અંગેનું કાવતરું કરનારા ઝડપાયા.

: આતંકવાદ

**પરિસ્થિતિઓ**

1. એક નાગરિકે પોતાને નોકરી મળે એ આશયથી એક અધિકારીને પૈસા આપ્યા ...........
2. એક કુટુંબમાં પાંચ વ્યક્તિ છે, એક વ્યક્તિ મજૂરી કરીને થોડું કમાય છે, એમની પાસે ન તો પોતાનું ઘર છે, ન તો પૂરતાં કપડાં છે. તેમનું ગુજરાન માંડમાંડ ચાલુ છે. ...........
3. દેશમાં કેટલાક લોકો એવા છે કે જેઓ નવા વિચારો, શોધો કે જ્ઞાનને સમજી શકતા નથી. દેશનો વિકાસ અવરોધતું આ મોટું પરિબળ છે. ...........

4. દેશમાં એક સમસ્યા એવી છે કે, જે દેશની પ્રગતિ અને વિકાસને અવરોધે છે એટલે કે બધી જ સમસ્યાઓની જડ છે. ...........
5. આ સમસ્યા કુદરતી છે, આ આપત્તિ આવે ત્યારે ઘરમાં ન રહેવાય, બહાર ખુલ્લામાં ઊભા રહેવાય. ...........

   (જરૂર પડે તો સામાજિક વિજ્ઞાન દ્વિતીય સત્ર, પ્રકરણ : 8 - ભારતની સમસ્યાઓ અને ઉપાય એકમ વાંચીને કરવું.)

**7. પ્રવૃત્તિ : ચાલો, ફેરબદલ કરીએ. તા. જૂથકાર્ય**

- કાવ્યપંક્તિને વાકયમાં (ગદ્યસ્વરૂપે) ફેરવીને લખો.
- ઉદાહરણ : જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે!
- હે બાળક! અમારો પતિ જાગે એ પહેલાં તું આ પાણીમાંથી બહાર ચાલ્યો જા.

1. ખેડૂના માથે લીલાં મોળિયાં રે લોલ!
2. ઉપરવાળી બૅંક બેઠી છે આપણી માલંમાલ
   આજનું ખાણું આજ હોય ને કાલની વાતો કાલ.
3. અભિમાન કરીને બોલિયો, તે સમે રાવણરાજ
   અલ્યા જનક! તે શું પણ કર્યું, કહે મુજને આજ!

**8. પ્રવૃત્તિ : ઉખાણાં ઉકેલો તા. જોડીકાર્ય**

1. ન તો મને દાંત છે, ન તો મને મોઢું
   નવો નવો સજાવી લો, તોય બટકું ભરું છાનુમાનું
2. નાકે નકશે નમણું દેખાય, પણ ભરતું લાંબી ફાળ
   આંખો એની ચમકીલી ને ઝડપી એની ચાલ
3. આટલીક દડી ને હીરે તે જડી,
   દિવસે ખોવાણી તે રાત્રે જડી.
4. લીલે રંગે જન્મ લીધો, લાલ થયું ને વૃદ્ધ કીધો,
   મોંમાં મૂકતાં પાણી બકતો, છતાં મારા વગર રહી ન શકતાં
5. બે સગા ભાઈ, અડ અડ કહેતા અડે નહિ
   અડીશ મા અડીશ મા કહેતા અડે

(મરચું, તારા, હરણ, જોડા, હોઠ)

## બીજું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : તમે શું કરશો? તા. જૂથકાર્ય

- સમસ્યા અંગે તમારા વિચારો અભિવ્યકત કરો.
  1. તમારા ઘરમાં અચાનક આગ લાગી છે. તમે કયા કયા ઉપાયો કરશો?
  2. ફાયરમેન પાણીની નળીનો ઉપયોગ કરતાં પહેલાં વિદ્યુત પુરવઠો કેમ બંધ કરે છે? - ચર્ચો.
  3. ધોધમાર વરસાદમાં ઈલેકટ્રિકની લાઈન મરામત કરવી જોઈએ? કેમ?

### 2. પ્રવૃત્તિ : શબ્દ શોધ તા. જોડીકાર્ય

- નીચે આપેલ દુહા વાંચો. રેખાંકિત કરેલ શબ્દોના સ્થાને શબ્દાર્થમાં આપેલા સમાનાર્થી શબ્દો એ રીતે ગોઠવો કે દુહાનો લય જળવાય.
  1. <u>વિપત</u> પડે ના <u>વલખિયે</u>, <u>વલખે</u> <u>વિપત</u> ન જાય,<br><u>વિપતે</u> <u>ઉદ્યમ</u> કીજિયે, <u>ઉદ્યમ</u> <u>વિપત</u>ને ખાય.
  2. <u>ગુણ</u>ની ઉપર <u>ગુણ</u> કરે, એ તો <u>વેવારાં વટ્ટ</u>,<br><u>અવગુણ</u> ઉપર <u>ગુણ</u> કરે, ખરી ખત્રિયાં વટ્ટ.

  શબ્દાર્થ : વિપત – દુઃખ, આફત, મુશ્કેલી, વલખવું - દુઃખી થઈ જવું, ઉદ્યમ-યત્ન, મહેનત, પુરુષાર્થ, ગુણ-સદ્‌ગુણ, સારાં લક્ષણ, વેવારાં વટ્ટ-વહેવારની રીત, અવગુણ-દુર્ગુણ
- દોહા-૧ ના આધારે તમારા જીવનમાં આવી પડેલ મુશ્કેલી અને તેમાંથી નીકળવાના પ્રયત્નો વિશે જોડીમાં ચર્ચા કરો.

### 3. પ્રવૃત્તિ : બહુવૈકલ્પિક પ્રશ્નો તા. જોડીકાર્ય

- વિજ્ઞાન અને ટેકનોલોજી પુસ્તક(પ્રથમસત્ર)ના પાના નં.11 પરનો ફકરો ઉત્પાદનનો સંગ્રહ ........... ........................ કીટકો જેવાં જંતુઓથી રક્ષણ કરી શકાય છે.વાંચી વિધાન માટે સૌથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
  1. તાજા કાપેલા પાકના દાણાઓને સુકવ્યા વગર જ સંગ્રહ કરવામાં આવે તો તે..........
     (A) બગડી જશે.
     (B) બેકટેરિયા કે ફૂગ દ્વારા નાશ થશે.
     (C) તેમાંથી નવા છોડ ઊગવાની ક્ષમતા ઘટી જશે.
     (D) ઉપરોકત તમામ

2. બીજની સુકવણી કરવી આવશ્યક છે કારણકે........
   (A) તેનાથી બીજ કડક બનશે.
   (B) બીજમાં ભેજની માત્રા ઘટવાથી તેને લાંબો સમય સંગ્રહી શકાશે.
   (C) સુકવેલાં બીજ ખોરાક તરીકે વધુ ઉપયોગી બનશે.
   (D) બીજના ઊગવાની ક્ષમતા ઘટશે.
3. ઘરે લોખંડના પીપમાં રાખેલા અનાજમાં લીમડાનાં સુકવેલાં પાન મૂકવામાં આવે છે.
   (A) અનાજને કીટકોથી રક્ષણ મળશે.
   (B) પાન સુકવેલાં હોય તો અનાજના દાણાને ભેજ ન લાગે.
   (C) પાનનો સ્વાદ કડવો હોય તેથી અનાજ પણ કડવું બને.
   (D) A અનેB બન્ને

## 4. પ્રવૃત્તિ : અતિથિ કબ આઓગે? તા. જૂથકાર્ય

- પાંચ-પાંચના જૂથમાં વહેંચાઈ જાઓ. તમારા ઘરે તમારે કોઈને જમવા માટે બોલાવવાના હોય તો કોને બોલાવશો? (દાત.તમારા શિક્ષક, કોઈ ક્રિકેટર, ફિલ્મ અભિનેતા, નેતા વગેરેમાંથી) જૂથમાં મળીને નક્કી કરો. ત્યારબાદ તમે શું - શું જમવાનું બનાવશો તેની યાદી તૈયાર કરો. તમારે તેને ફરવા લઈ જવાના છે તો કઈ કઈ જગ્યાએ લઈ જશો તે સ્થળોની યાદી કરો. જૂથ ચર્ચાના અંતે જૂથ દ્વારા રજૂઆત કરાવો અને જૂથો વચ્ચેની વિશેષતા પર ચર્ચા કરો.

## 5. પ્રવૃત્તિ : ફકરો શણગારો તા. જોડીકાર્ય

- ફકરામાં અનુસ્વાર અને વિરામચિહ્નો મૂકો.

સ્થળ : પાટણ

પાટણના રાજા વિશળદેવનો દરબાર

(રાજા વિશળદેવ દરબાર ભરીને બેઠા છે પણ સૌના મોઉદાસ છે આખાયે દરબારમાં જાણે નિરાશાની ઘેરી છાયા ફરી વળેલી છે રાજાની સામે રાજજોષી ટીપણુ પહોળુ કરીને બેઠા છે તે આંગળીના વેઢા પર આકડા માંડે છે)

રાજા : તે જોષીજી આ વર્ષેય વરસાદ નથી શુ

જોષી : મહારાજ મને થાય છે કે કાળવાણી ઉચ્ચારતાં મારી જીભ કપાઈ કેમ નથી જતી

રાજા : સમજી ગયો

## 6. પ્રવૃત્તિ : એક ચલ સુરેખ સમીકરણ તા. જોડીકાર્ય

- ગણિતના પાઠયપુસ્તકનાં પાન નં.32 પર આપેલ દાખલા-8 ની રકમ વાંચી યોગ્ય જોડકાં જોડી તમારા ઉત્તરના ક્રમ ☐ માં લખો.

| ક્રમ | વિભાગ - A | ક્રમ | વિભાગ - B | ઉત્તર |
|---|---|---|---|---|
| ૧ | તળાવમાંથી પાણી પીતાં હરણાં | ૧ | 27 | |
| ૨ | ઝુંડમાંનાં હરણાં | ૨ | 36 | |
| ૩ | ઝુંડમાંથી અડધાં હરણાં | ૩ | 72 | |
| ૪ | બાકી બચેલાં હરણાંનાં ત્રણ ચતુર્થાંશ ભાગનાં હરણાં | ૪ | 9 | |

## 7. પ્રવૃત્તિ : વાક્ય પરિવર્તન તા. જૂથકાર્ય

- નીચેનાં વાકયો લિંગ-વચન-કાળમાં પરિવર્તન કરીને લખો.


ઉદા.શિક્ષકે વિદ્યાર્થીને પુસ્તક આપ્યું.

શિક્ષિકા વિદ્યાર્થિનીને પુસ્તકો આપવાની છે.

- o વૈખરીએ વેદાંતને કહ્યું.
- o સેમ્યૂઅલે જોસેફ સાથે કશ્મીરનો પ્રવાસ કર્યો.
- o દિશા અમદાવાદ જવાની હતી.
- o દર્શન નિમિષાને કાલે મળશે.
- o નિયતિ દરરોજ મંદિરે જાય છે.

## 8. પ્રવૃત્તિ : ગાણિતિક કોયડો તા. જોડીકાર્ય

- 1 થી 9 સુધીના અંકોને એવી રીતે મૂકો કે જેથી દરેક લાઈનનો સરવાળો 17 થાય.




- આ પ્રકારના અન્ય કોયડાઓ મેળવીને વર્ગમાં રજૂ કરો.

## ત્રીજું અઠવાડિયું

**1. પ્રવૃત્તિ : ક્રિકેટમેચ** **તા.** **જોડીકાર્ય**

- તમારે તમારા સાથી મિત્ર સાથે મળીને કોઈ ક્રિકેટ મેચ જોયા પછીના તમારાં મંતવ્યો ચર્ચા સ્વરૂપે રજૂ કરવાનાં છે.

  - પ્રવૃત્તિ પછી આપવાની સૂચના :

    શિક્ષકે કોઈપણ બે જોડીના પ્રતિનિધિઓને તેમણે જોડીમાં કરેલ ચર્ચા હવે વર્ગસમક્ષ કરવા કહેવું. શિક્ષકે ધ્યાનમાં રાખવું કે રજૂઆત સ્વાભાવિક રીતે થતી હોવી જોઈએ. બે મિત્રો બિન્દાસ્ત રીતે જે રીતે ચર્ચા કરે, તે રીતે અભિવ્યક્તિ કરાવવી.

**2. પ્રવૃત્તિ : તમે સમજ્યા?** **તા.** **વ્યક્તિગતકાર્ય**

- ગુજરાતી પાઠયપુસ્તક પ્રથમસત્રના પાના નંબર 8 થી 9 પર આપેલ નીચેના પેરેગ્રાફ વાંચી આપેલ પ્રત્યેક વિધાન માટે યોગ્ય ઉત્તર પસંદ કરી તેની સામે ખરાની નિશાની કરો.
- 'આણંદપુરના એ ખૂણામાં ઝૂંપડાં જેવાં ........ ......... માત્ર જુમો અને વેણુ બાળપણથી આજ સુધી અખંડ રહ્યા હતા.'

1. જુમાએ બધા તડકા છાંયડા જોઈ લીધા હતા.
   (અ) જુમાએ ઘણાં દુઃખ ભોગવ્યાં હતાં.
   (બ) જુમાએ જીવનમાં ઉતાર-ચડાવ જોયા હતા.
   (ક) જુમાએ સુખઃદુઃખની બધી સ્થિતિ અનુભવી હતી.
2. જુમો એક હાથમાંથી બીજા હાથમાં ફર્યા કરતો.
   (અ) જુમાને દરેક જણ રમાડતું.
   (બ) જુમાની ખૂબ કાળજી લેવાતી.
   (ક) જુમાને રમાડવા ઘણા નોકરચાકર હતા.
3. પૈસાની છોળ આંગણે રેલાતી ત્યારે જુમાને અનેક મિત્રો હતા.
   (અ) પૈસા હોય તો જ અનેક મિત્રો બને.
   (બ) મિત્રો બનાવવા પૈસા જરૂરી છે.
   (ક) પૈસાદાર હોય તો મિત્રો વધુ બને.

4. અનેક મિત્રો આવ્યા, ગયા, મળ્યા અને ટળ્યા. ટળ્યા એટલે
   (અ) જુમાના મિત્રો જાતે આવતાં બંધ થયા.
   (બ) જુમાએ તેમને આવતાં બંધ કર્યા.
   (ક) જુમાને ત્યાં મિત્રો ટોળે વળતા.

**3. પ્રવૃત્તિ : એક ચલ સુરેખ સમીકરણ** **તા.** જોડીકાર્ય

- ગણિતના પાઠયપુસ્તકનાં પાના નંબર 32 પર આપેલ દાખલા-8ની રકમ વાંચી પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પર માં '✓' કરો.

1. 'હરણના એક ઝુંડ' માટે કયું સાચું?
   (A) ઝુંડમાં કેટલીક સંખ્યામાં હરણ હશે.
   (B) ઝુંડમાં 12 હરણ હશે.
   (C) ઝુંડમાંનાં હરણની સંખ્યા ચોક્કસ હશે.
   (D) A અનેC બન્ને સાચાં
2. હરણાં ઊછળકૂદ કયાં કરી રહ્યાં છે?
   (A) ખેતરમાં (C) તળાવમાં
   (B) જંગલમાં (D) મેદાનમાં
3. 'અહીં કેટલાંક હરણાં એવાં પણ છે જે ચરે છે, ઊછળકૂદ કરે છે અને પાણી પીવે છે' - આ

**4. પ્રવૃત્તિ : સાંભળો અને બોલો તા. સમૂહકાર્ય**

- શિક્ષક એક વાક્ય બોલશે. તમારે એમાં એક-એક શબ્દ ઉમેરતા જવાનું છે.

**ઉદાહરણ :**

શિક્ષક : કાટ લાગવા માટે પાણી અને ઓક્સિજન જરૂરી છે.

વિદ્યાર્થી-1 : લોખંડ પર કાટ લાગવા માટે પાણી અને ઓક્સિજન જરૂરી છે.

વિદ્યાર્થી-2 : ચોમાસામાં લોખંડ પર કાટ લાગવા માટે પાણી અને ઓક્સિજન જરૂરી છે.


વિદ્યાર્થી-3 : ચોમાસામાં લોખંડ પર કાટ લાગવા માટે પાણી અને ઓક્સિજન માત્ર જરૂરી જ નહિ અનિવાર્ય છે....

આ રીતે ક્રમશઃ વિદ્યાર્થીઓ વાકયમાં એક એક શબ્દ ઉમેરતા જશે અને વાકય બોલતા જશે. આ રીતે વાકય જેટલું દીર્ઘ અને અર્થપૂર્ણ બને એ રીતે બનાવવું.

**5. પ્રવૃત્તિ : આલેખ સમજીએ તા. વ્યક્તિગતકાર્ય**

- આલેખ પરથી પ્રશ્નના જવાબ આપો.
  - નીચે ત્રણ અલગ અલગ માપનાં વાદળાં તથા ત્રણ શહેરનાં નામ આપેલાં છે. જે શહેરનું પ્રદૂષણ સૌથી વધારે હોય તેને મોટા વાદળમાં એમ ક્રમિક નામ લખો.

શાંઘાઈ, બેઈજિંગ, દિલ્હી



1. કયા શહેરની પ્રદૂષણની માત્રા 20 PM છે?

   ....................................................................
2. સૌથી વધુ અને સૌથી ઓછા પ્રદૂષણની માત્રા વચ્ચેનો તફાવત કેટલો છે?

   ....................................................................
3. સૌથી વધુ પ્રદૂષણની માત્રાનાં કારણો કયાં હોઈ શકે?

   ....................................................................
4. તમે કયા શહેરમાં વસવાટ કરવાનું પસંદ કરશો? શામાટે?

   ....................................................................

## 6. પ્રવૃત્તિ : શબ્દટ્રેન તા. જોડીકાર્ય

- શબ્દટ્રેનમાંથી શબ્દો શોધી વાકય બનાવો.

  **ઉદાહરણ :** રકા<u>અંધારી</u>વસ<u>રાતે</u>ચકગુબો<u>હીરબાઈ</u>ક<u>જોગમાયાજેવીલાગતી</u>કસેદ<u>હતી</u>છપણ.

1. જમરાષ્ટ્રવાદજજરણેએટલેસએજખેપોનાનાથેતાવખરાષ્ટ્રવદનપ્રત્યેસમ્પએકાત્મકતાસ્થનેઅને વૌજરદગૌરવનીસીશભાવનામય.
2. ગરઉકોપૂર્ણબષસંખ્યાહતસરવાળાત્તમુસખુઅનેવોખદુરાગુણાકારનીકનુંપ્રિસક્રિયાકડણછેવ યંપ્રત્યેચસંવૃત્ત.
3. છઘજમીનમાંપીફરંસોભપોષકદ્રવ્યોનીત્યસોપૂર્તિજાસણમાટેનીબઅન્યક્ષત્રએકરીતથેદછેપાક નીઘેરુજગ્યસેટોફેરબદલીવીઘન.
4. પુતઝીદુહાનીદધેતાધરચનામાંકષેલાઘવક્ષઢણુરસપ્રચુરતાઢોખીધોચિત્રશક્તિવેહઅનેગોધજોમદ ધવગેરેલેઝાવોરહેલ,મંખહોયજામછેતસ.

## 7. પ્રવૃત્તિ : વાદવિવાદ તા. જૂથકાર્ય

- બે જૂથમાં સમ સંખ્યામાં બેસી જાઓ. જૂથ-૧ મોબાઈલના ફાયદા વિશે ક્રમશઃ એક-એક વાકય બોલશે. જયારે જૂથ-૨ મોબાઈલના ફાયદાનું ખંડન કરીને જણાવશે.

  વિષય : મોબાઈલના લાભાલાભ

| જૂથ-૧ (ફાયદા) | જૂથ-૨ (ગેરફાયદા) |
|---|---|
| • દૂર સ્વજનો સાથે વાત કરવા માટે ઉપયોગી છે.<br>• મોબાઈલમાં કેલ્કયુલેટરથી દાખલા ઝડપથી ગણી શકાય. | • રૂબરૂ વાત કરવાથી સંબંધો વધુ ગાઢ બને. માત્ર વાત કરવા માટે આવા મોંઘા સાધનની જરૂર નથી.<br>• મૌખિક કે વૈદિક ગણિતથી પણ ઝડપથી ગણતરી કરી શકાય. કેલ્કયુલેટર અલગથી |

| | |
|---|---|
| • મોબાઈલમાં ઘરેબેઠા ફિલ્મો જોઈ શકાય. | મળે જ છે, એ માટે મોબાઈલ જરૂરી નથી.<br>• નાના પડદે ફિલ્મો જોવાથી આંખોને નુકસાન થાય છે. મોટા પડદે ફિલ્મ જોવાની સુવિધા છે જ. આ માટે મોબાઈલની જરૂર નથી. |

આ રીતે દલીલો આગળ-આગળ ચાલતી રહેશે. જૂથના બધા જ વિદ્યાર્થીઓ સક્રિય હોવા જરૂરી છે.

## 8. પ્રવૃત્તિ : પટ સવાલ ઝટ જવાબ તા. જૂથકાર્ય

- પ્રશ્નોના જવાબ આપો.
  1. ઘડિયાળમાં 6 ટકોરા પડતાં 5 સેકન્ડ લાગે તો 15 ટકોરા પડતાં કેટલો સમય લાગશે?
  2. પાંચના ચાર ગણાના પાંચ ગણાનો ચોથો ભાગ એટલે કેટલા?
  3. પાંચ કલાકનો $\frac{7}{20}$ મો ભાગ કેટલો થશે?
  4. એક ઘનમાં કુલ કેટલી કિનારી હોય?
  5. ૧ માંથી કેટલા બાદ કરીએ તો જવાબ $\frac{11}{17}$મળે?

## ચોથું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : વર્ગખંડ ગોઠવણી તા. જૂથકાર્ય

આવતીકાલે તમારી શાળામાં ડૉક્ટર્સની ટીમ તમારી 'હેલ્થ ચકાસણી' માટે આવવાની છે. તમારી શાળામાં એમના માટે તમે શી તૈયારી કરશો? કઈ વસ્તુ-ખુરશી, ટેબલ, સ્ટૂલ, બેન્ચિસ વગેરે.. કયાં ગોઠવશો? બધું જ આયોજન ચાર-ચારના જૂથમાં કરો.

અંતે..... જૂથનાયક પોતાનું આયોજન-ગોઠવણી વર્ગને કહો.

### 2. પ્રવૃત્તિ : ભાષાસજ્જતા તા. જોડીકાર્ય

- લીટી કરેલ શબ્દ માટે સૂચના મુજબ જવાબ આપો. વર્ગ સમક્ષ રજૂ કરો.

1. તો તો બીજું <u>જોઈતું' તું</u> શું? (કાળ બદલો.)
2. મેં પૂછયું ત્યારે <u>કે'વાય</u> નહિ? (આવો બીજો શબ્દ આપો.)

ઉદાહરણ પ્રમાણે કરો.

3. ઉદા. સુનીલ ગીત ગાય છે.

   સુનીલ ગીત ગવડાવે છે.

   (1) મહેશ લેસન કરે છે.

   ..............................................................

   (2) કપિલ પાઠ વાંચે છે.

   ..............................................................

4. ઉદા. ઘરને ખૂણે એકલવાયું વરસે છે ચોમાસું,

   ચોમાસું ઘરને ખૂણે એકલવાયું વરસે છે.

   o દશે ટેરવાં અડેને પીડા છૂ થાતી પળવારમાં.

   ..............................................................

## 3. પ્રવૃત્તિ : શબ્દચોરસ તા. વ્યક્તિગતકાર્ય

- ધોરણ-8 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના પાન નંબર 23 પરનો ફકરો.
  "મનુષ્યમાં રોગકારક સૂક્ષ્મજીવો.......... ડેન્ગ્યુ વાઈરસનો વાહક છે." વાંચો.
- યાદી પ્રમાણેના શબ્દો ચોરસમાંથી શોધી ગોળ કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રા | રો | ગ | કા | ર | ક | શિ | સં |
| ચ | ત | દી | ન | શી | ત | ળા | ક્ર |
| પ | ટ્યુ | પ | ચે | રા | સૂ | એ | મિ |
| ન | લ | બ | શ | પી | ક્ષ્મ | નો | ત |
| વા | વા | ચ | ર | સ | જી | ફિ | જ |
| હ | કૉ | લ | દી | ક્યુ | વો | લિ | ડે |
| ક | લે | ગ | મ | રા | લો | સ | ન્ગ |
| તે | રા | મ | લે | રિ | યા | સિસ | પુ |

| | | |
|---|---|---|
| (1) રોગકારક | (6) ચેપી | (11) ડેન્ગ્યુ |
| (2) સંક્રમિત | (7) વાઈરસ | (12) એનોફિલિસ |
| (3) શીતળા | (8) વાહક | (13) શરદી |
| (4) કોલેરા | (9) મલેરિયા | |
| (5) સૂક્ષ્મજીવો | (10) ટ્યુબરક્યુલોસિસ | |

## 4. પ્રવૃત્તિ : ચાલો, રમીએ તા. જૂથકાર્ય

- તમે બધા એકબીજાને ઓળખો છો, પણ તમે તમને ઓળખો છો? આજે 'સ્વ ઓળખ' ની એક રમત રમો. રમત માટે,
  1. તમે વર્તુળાકારે બેસો.
  2. પોતાની એક વિશેષતા સાથે નામ બોલો. જેમ કે, મારું નામ રાજેશ. માટે હું મારો પરિચય આપીશ 'રમૂજી રાજેશ', સમજી ગયા ને!

## 5. પ્રવૃત્તિ : સમાનાર્થી વાક્ય તા. જોડીકાર્ય

- ગુજરાતી પાઠયપુસ્તક પ્રથમ સત્ર પાના નં.9 પર આપવામાં આવેલો ફકરો આજ હવે........ નિહાળ્યા કરતા! ધ્યાનથી વાંચવાનો છે, ત્યારબાદ તમને આપવામાં આવેલાં વાકયોને મળતાં આવતાં વાકયો ફકરામાંથી શોધીને સામે લખવાનાં રહેશે.

1. જુમાએ શ્રીમંતાઈ અને ગરીબાઈ જોઈ લીધી હતી.
2. જુમો નાનો હતો ત્યારે ઘરના લોકો એને બહુ લાડ લડાવતા.
3. આણંદપુરના છેવાડે ત્રણ છાપરાં હતાં.
4. ત્રણ ઝૂંપડાં જેવાં ઘર આમલીની નીચે સમાઈ રહેતાં.
5. જુમાના ઘરની ખડકી સાવ જર્જરિત હતી.
6. પાડાની ઘંટડી વાગતી અને જુમો કંઈક ગાતો.
7. જુમો વેણુ માટે ઘાસ ખરીદતો.
8. જુમો એક પૈસામાંથી શાકભાજી ખરીદતો.
9. જુમો અને વેણુ આજે એકબીજા સામે જોઈ રહેતા.
10. જુમાને ઘરાક વધારવાનો લોભ નહોતો.


## 6. પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર તા. જૂથકાર્ય

- તમારા સામાજિક વિજ્ઞાન(પ્રથમ સત્ર)ના પાઠયપુસ્તક એકમ-2, પાના નં.9 પરના ફકરા "વાતાવરણમાં મુખ્ય પ્રવાહી... શકય બને છે", વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1. ફકરામાં 'વાતાવરણ' એવો શબ્દ છે પાછળ 'આવરણ' શબ્દ આવતો હોય એવા બીજા શબ્દોની યાદી કરો.
2. ફકરામાં પાણીની જુદી જુદી કઈ પરિસ્થિતિઓ દર્શાવવામાં આવી છે?
3. 'ઘનીભવન' એટલે શું?
    - o ભેજ ઠરવાની પ્રક્રિયા
    - o વરાળ બનવાની પ્રક્રિયા
    - o વરસાદ બનવાની પ્રક્રિયા
4. "કોઈપણ પ્રદેશના માનવીના ખોરાક, પોશાક, રહેઠાણ, રૂપરંગ, આર્થિક પ્રવૃત્તિઓ વગેરે પર વાતાવરણની અસર જોવા મળે છે." - આ વિધાનનો અર્થ -
    - (A) મનુષ્યને વાતાવરણ સાથે કશી લેવાદેવા નથી.
    - (B) મનુષ્યને વાતાવરણ અનુસાર જીવવું પડે છે.
    - (C) વાતાવરણ મનુષ્યને આધીન છે.


## 7. પ્રવૃત્તિ : ચિત્ર પરથી પ્રશ્નો તા. જુથકાર્ય

- નીચેનું ચિત્ર ધ્યાનથી જુઓ અને તેના, આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તર લખો.




1. વહાણમાં શું ભરેલું છે?
2. વહાણમાં કેટલા લિટર પેટ્રોલ છે? (ગેલન અને લિટર વચ્ચેનો સંબંધ શિક્ષક પાસેથી જાણો)
3. કોલસા કેટલા કિલોગ્રામ છે?

- એક નાવિક નીચે આપેલા ત્રિકોણ પ્રમાણે વહાણને એ દિશામાં હંકારી મૂળ સ્થાને આવે છે તો તે કેટલાં માઈલની મુસાફરી કરશે?




1 માઈલ = 1.6 કિમી થાય તો કુલ કેટલા કિમી અંતર કાપશે?

જૂથમાં કરેલ પ્રવૃત્તિઓ વર્ગ સમક્ષ રજૂ કરો.

## પાંચમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : જન્મદિવસની ઉજવણીનું આયોજન ता. જૂથકાર્ય



- તમે પાંચ-પાંચના જૂથમાં વહેંચાઈ જાઓ. તમારા જૂથમાં જે વિદ્યાર્થીનો જન્મદિવસ નજીકના સમયમાં આવતો હોય તેની ઉજવણી કરવાની છે. તો તમે જૂથના સભ્યો મળીને તમારા મિત્રના જન્મદિવસની ઉજવણીનું આયોજન ચર્ચા કરીને બનાવો. એ આયોજનમાં જન્મદિવસ કયા સ્થળે, કેટલા વાગ્યે, કેવી રીતે ઉજવશો. કોને કોને આમંત્રણ આપશો. સાજસજ્જા કેવી રીતે કરશો, નાસ્તામાં શું શું રાખશો, ભેટ શું આપશો, વિશેષ બાબતો શું કરશો જેવી બાબતો અંગે આયોજન કરો.





### 2. પ્રવૃત્તિ : સંબંધવાચક શબ્દ ઉમેરો ता. વ્યક્તિગતકાર્ય

- ખાલી જગ્યામાં સંબંધવાચક શબ્દ લખો.
  - o કારતક : વિક્રમ સંવત, જાન્યુઆરી : ...............
  - o માચીસ : સમતલ, દડો : ...............
  - o રેખાખંડ : માપપટ્ટી, વર્તુળ : ...............
- આ રીતે વર્ગમાં અન્ય શબ્દો લઈને પ્રવૃત્તિ કરો.

### 3. પ્રવૃત્તિ : ચતુષ્કોણની સમજ ता. જોડીકાર્ય

- ગણિતના પાઠયપુસ્તકનું પાના નં.39 ખોલો. અહીં થોડા બહિર્મુખ ...................... માટે પણ સત્ય છે? - ફકરો વાંચી કોષ્ટક પૂર્ણ કરો.

| બહુકોણ (દરેકમાં શકય તેટલા વિકર્ણો દોરો) | બહુકોણમાં વિકર્ણ અંદર છે કે બહાર તે લખો. | કયો બહુકોણ બનશે તે લખો. |
|---|---|---|
|  | અંદર | બહિર્મુખ |
|  | | |

| બહુકોણ (દરેકમાં શકય તેટલા વિકર્ણો દોરો) | બહુકોણમાં વિકર્ણ અંદર છે કે બહાર તે લખો. | કયો બહુકોણ બનશે તે લખો. |
|---|---|---|
|  | | |
|  | | |
|  | | |
|  | | |

## 4. પ્રવૃત્તિ : ચાલો, અવનવું વિચારીએ તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, આવતા અઠવાડિયામાં તમને એક જ દિવસમાં સળંગ ત્રણ તાસ ફ્રી મળવાના છે.
- તમે દિવસમાં સળંગ ત્રણ તાસમાં શું શું કરશો તે જૂથમાં વિચારો, ચર્ચા કરો, નોંધો. વર્ગ સમક્ષ રજૂ કરો.

## 5. પ્રવૃત્તિ : શબ્દરમત તા. જૂથકાર્ય

- નમૂનામાં આપેલા શબ્દને વાંચીને એવા બીજા શબ્દોની યાદી કરો.
- મહેરામણ = અહીં પાછળ 'મણ' શબ્દ છે. પાછળ 'મણ' આવે એવા બીજા શબ્દોની યાદી કરો. જેમકે, ગભરામણ.......
- શારીરિક = અહીં પાછળ 'ઈક' શબ્દ છે. એવા બીજા શબ્દોની યાદી કરો. જેમકે, નૈતિક, ..........

## 6. પ્રવૃત્તિ : ચાલો ભજવીએ તા. જૂથકાર્ય


- વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના પાન નં.68 અને 69 નો અભ્યાસ કરો. ત્યારબાદ શાળામાં આગ લાગી હોય તે પ્રકારે મોકડ્રીલ કરો.
- તાપમાનના જ્વલનબિંદુને નીચું લાવવા માટે કરવામાં આવનાર પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરો.
- શાળાના કયા પદાર્થો ઝડપી દહનશીલ છે અને કયા પદાર્થો સ્વયંસ્ફુરિત દહનશીલ છે એ વિશે ચર્ચા કરો.

## 7. પ્રવૃત્તિ : ફિલ્મ વિશે તા. જોડીકાર્ય


- તમારે બબ્બેની જોડીમાં વહેંચાઈ જવાનું છે. તમે કે તમારા સાથીએ છેલ્લે જે ફિલ્મ જોઈ હોય એ વિશેનો સંવાદ મિત્ર સાથે કરવાનો છે. તમારે એ સંવાદમાં ફિલ્મના પ્રસંગ - ઘટનાઓ - તમને શું-શું ગમ્યું - શું - શું ન ગમ્યું એ વિશે સંવાદ કરવાનો છે.
- કોઈપણ બે જોડીનો સંવાદ વર્ગ સમક્ષ રજૂ કરો.

## 8. પ્રવૃત્તિ : મગજ કસો. તા. જૂથકાર્ય

- સૂચના મુજબ જૂથ ચર્ચા કરો, વિચારો અને કહો.
- [?] માં સંબંધિત કઈ સંખ્યા આવશે?




- આપેલ અર્ધચંદ્રાકાર આકૃતિમાં બે રેખા વડે આઠ ભાગ કરો.



- એક વર્તુળ દોરો. ત્રણ રેખા એવી રીતે દોરો જેથી વર્તુળના સાત ભાગ થાય ?

## છઠ્ઠું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : રમત-રમત    તા.    જૂથકાર્ય

- (પ્રવૃત્તિના આગળના દિવસે) તમારાં પપ્પા-મમ્મી, દાદા-દાદી કે અન્ય વડીલોને ઘરેથી પૂછવું કે તેઓ નાનાં હતાં ત્યારે કઈ કઈ રમતો રમતાં?
  1. તેમની પાસે તે રમતો કેવી રીતે રમાય તે શીખીને આવો.
  2. (પ્રવૃત્તિના દિવસે) તમારાં મમ્મી-પપ્પા, દાદા-દાદી રમતાં તે રમત તમે શીખીને આવ્યાં હશો. તે એકલા રમાય, જોડી બનાવી રમાય કે જૂથમાં રમાય તે રમત વિશે વર્ગમાં રજૂઆત કરો.
  3. વર્ગમાં બધાં બાળકોને તેમાંની એક-બે રમત રમાડો.

### 2. પ્રવૃત્તિ : અસમાન અર્થવાળો શબ્દ, અંક અલોપ......    તા.    જોડીકાર્ય

શબ્દયાદીમાંથી જુદા પડતા શબ્દને લીટી વડે છેકીને દૂર કરો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

- નેણ, નેત્ર, કીકી, ચક્ષુ, લોચન
- નિશાળ, વિદ્યાધામ, વિદ્યાલય, દેવાલય, સંકુલ
- મૂલ્ય, શુલ્ક, ભાવ, નફો, દર
- જુવાન, કિશોર, સગીર, તરુણ, યુવક
- ધરતી, અવનિ, ખેતર, વસુંધરા, પૃથ્વી
- હિલિયમ, હાઈડ્રોજન, સોડિયમ, ઓક્સિજન, કલોરિન
- 8, 27, 64, 81, 125

### 3. પ્રવૃત્તિ : તમે સમજ્યા?    તા.    જોડીકાર્ય

- ગુજરાતી પાઠ્યપુસ્તક પ્રથમ સત્ર પાન નં. 19 પરનો ફકરો વાંચી, ચર્ચા કરી પ્રશ્નોના જવાબ આપો.

  ''ગુજરાતી સ્થાપનાનાં ......................... સુંદર અને ભવ્ય.''
  1. ગુજરાત રાજ્ય સ્થાપના સમયે પાટનગર તરીકે અમદાવાદ શા માટે પસંદ કરવામાં આવ્યું હશે?
  2. ગાંધીનગર શહેર વસાવવાનો નિર્ણય શા માટે કરવામાં આવ્યો?
  3. નીચે દર્શાવેલ અર્થ દર્શાવતાં વાકયો ફકરામાંથી શોધો.

     (અ) થોડાંક વરસોમાં જ ગાંધીનગર વસી ગયું.

     (બ) ગાંધીનગર ખાસ પ્રકારે બહુ યોગ્ય રીતે રચાયું છે.

4. ''તેમજ 'ક' 'જ' સુધી એમ કક્કાવારી પ્રમાણેના સાત આડા મુખ્ય માર્ગો છે. જયારે 0-1-2-3 એમ ઉભા કુલ 8 માર્ગો છે.'' આ વર્ણનના આધારે ગાંધીનગરનો નકશો દોરવા પ્રયત્ન કરો.

## 4. પ્રવૃત્તિ : સમજો પછી સમજાવો તા. જૂથકાર્ય

- આપેલ કોષ્ટકમાં ચતુષ્કોણના વિવિધ ગુણધર્મોનો અભ્યાસ કરો, વિચારો ને પછી વિસ્તારો.

ગુણધર્મોનું વર્ગીકરણ :

| ક્રમ | ચતુષ્કોણ | સમાંતરબાજુ ચતુષ્કોણ | લંબચોરસ | સમબાજુ ચતુષ્કોણ | ચોરસ | સમલંબ ચતુષ્કોણ |
|---|---|---|---|---|---|---|
| 1 | સામસામેની બાજુઓની બંને જોડ સમાંતર | ✓ | ✓ | ✓ | ✓ | - |
| 2 | સામસામેની બાજુઓની બંને જોડ એકરૂપ | ✓ | ✓ | ✓ | ✓ | - |
| 3 | સામસામેના ખૂણાઓ એકરૂપ | ✓ | ✓ | ✓ | ✓ | - |
| 4 | બધા ખૂણાઓ એકરૂપ | - | ✓ | - | ✓ | - |
| 5 | બંને વિકર્ણો એકબીજાને દુભાગે | ✓ | ✓ | ✓ | ✓ | - |
| 6 | વિકર્ણો એકબીજાને કાટખૂણે દુભાગે | - | - | ✓ | ✓ | - |
| 7 | વિકર્ણો એકરૂપ | - | ✓ | - | ✓ | - |
| 8 | વિકર્ણો એકરૂપ અને કાટખૂણે દુભાગે | - | - | - | ✓ | - |
| 9 | સામસામેની બાજુઓની એક જ જોડ સમાંતર | - | - | - | - | ✓ |
| 10 | પાસપાસેના ખૂણાઓ પૂરક હોય. | ✓ (ચારજોડ) | ✓ (ચારજોડ) | ✓ (ચારજોડ) | ✓ (ચારજોડ) | - (બે જોડ) |

- બધા જ ચતુષ્કોણને મુખ્ય કયા બે ભાગમાં વહેંચી શકાય?
- સમબાજુ ચતુષ્કોણ અને લંબચોરસને ચોરસ શા માટે કહેવાય?
- સમાંતર બાજુ ચતુષ્કોણના કેટલા પ્રકાર પાડી શકાય? કયા કયા?
- કયા કયા ચતુષ્કોણમાં વિકર્ણો એકબીજાને કાટખૂણે દુભાગે છે?
- આ કોષ્ટકના આધારે બીજા ચાર પ્રશ્નોની રચના કરો.

| 5. પ્રવૃત્તિ : વાદ-વિવાદ સંવાદ | તા. | જૂથકાર્ય |
|---|---|---|

- તમારા 'સામાજિક વિજ્ઞાન' (પ્રથમ સત્ર)ના પાના નં.21 પર 'ભારતમાં પ્રથમ રેલવે' વિષયક લખાણ છે એ વાંચ્યા પછી જૂથમાં વહેંચાઈને નીચેની પ્રવૃત્તિ કરો.
- ભારતમાં અંગ્રેજોએ રેલવે શરૂ કરી – તે સારું કર્યું કે ખરાબ? - આ મુદ્દે વાદ-વિવાદ-સંવાદ કરો શરૂઆત આ રીતે કરો.

  જૂથ-1 : ભારતમાં રેલવે શરૂ થઈ તે સારું થયું.

  જૂથ-2 : પણ, એ તો અંગ્રેજોએ એમના ફાયદા માટે સ્થાપી હતી.

  જૂથ-1 : ભલેને એમના ફાયદા માટે સ્થાપી હોય, પણ ફાયદો તો આપણને જ થયો ને!

  જૂથ-2 : એ તો તમને એવું લાગે, હકીકત જુદી છે!

| 6. પ્રવૃત્તિ : શબ્દાંત કડી | તા. | જૂથકાર્ય |
|---|---|---|

- કોઈપણ જૂથ દ્વારા એક શબ્દ બોલવામાં આવશે. એ શબ્દના છેલ્લા અક્ષરથી શરૂ થતો શબ્દ બીજા જૂથે બોલવો. આ રીતે રમત આગળ ચલાવવી. ઉદાહરણ તરીકે ભરત, તરબૂચ, ચકલી, લીટી.......

| 7. પ્રવૃત્તિ : ફકરા પરથી પ્રશ્નો | તા. | જોડીકાર્ય |
|---|---|---|

- જૂથમાં ફકરો વાંચી પ્રશ્નોના જવાબ ચર્ચા કરીને મેળવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

એક જંગલમાં હાથીનું કુટુંબ રહેતું હતું. તે નદીકિનારે રહેતું હતું. એક વરસ વરસાદ આવ્યો નહીં. નદી સુકાઈ ગઈ. હાથીઓ માટે પીવાનું પાણી ન હતું. એક મદનિયું બીમાર પડયું. હાથીઓ પાણીની શોધમાં અહીંતહીં ફરવા લાગ્યા. ત્રણ દિવસ પછી તેમને એક સરોવર દેખાયું. સરોવરમાં ઘણું જ પાણી હતું. તે બધાંએ પાણી પીધું અને સુખેથી રહેવા લાગ્યાં.

1. સરોવરનું પાણી જોઈને હાથીઓના મનમાં કેવો વિચાર આવ્યો?

   ...................................................................

2. હાથીનું બચ્ચું <u>બીમાર</u> પડયું. લીટી દોરેલ શબ્દનો સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દ કહો.

   ...................................................................

3. આ વાર્તા જંગલ કહેતું હોય તો કેવી રીતે કહે, તે કહી બતાવો.

   ...................................................................

## 8. પ્રવૃત્તિ : ઊલટા-સૂલટા તા. વ્યક્તિગતકાર્ય

- રેખાંકિત શબ્દોને ઊલટા કરી ફકરો ફરીથી લખો. (દા.ત. : રાજા – જારા)

બધા મચ્છર પાણીમાં પ્રજનન કરે છે. આપણે ક્યાંય પણ પાણીને જમા થયેલું રાખવું જોઈએ નહિ. કુલર, ટાયરો તેમજ ફૂલદાની વગેરેમાં કયાંય પણ પાણીને એકત્રિત થવા ન દો. એટલે કે આપણી આસપાસનાં સ્થાનોને સ્વચ્છ તેમજ શુષ્ક રાખીને આપણે મચ્છરોને પેદા થતા રોકી શકીએ છીએ. એવા ઉપાયોની યાદી બનાવવાનો પ્રયાસ કરો. જેને અપનાવવાથી મેલેરિયાને ફેલાતો અટકાવી શકાય.


## 9. પ્રવૃત્તિ : ગમતાં પીણાં તા. જોડીકાર્ય


- તમને ગમતાં પીણાં માટે જરૂરી સામગ્રીની યાદી બનાવો.

ચા, કોફી, ઊકાળો, લીંબુ શરબત


## 10. પ્રવૃત્તિ : સંકેત ઉકેલીએ તા. જોડીકાર્ય

- બે-બેની જોડી બનાવી ‘કી’ને આધારે સંકેત ઉકેલો, તેમાં છુપાયેલ સંદેશનું વાચન પહેલાં જોડીમાં અને ત્યારબાદ વર્ગ સમક્ષ કરો.



ઉદાહરણ :  = ત

- કી બોર્ડ




સંદેશ : ....................................................................

## સાતમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : ચાલો, વાનગી બનાવીએ તા. જોડીકાર્ય

- તમે જે વાનગી બનાવવા માગતા હોય, તે માટે જરૂરી સામગ્રીની યાદી તૈયાર કરો તથા તે બનાવવાની રીત વર્ગ સમક્ષ વાંચો.

  દાત. દાળઢોકળી, ઢોકળાં, મુઠિયાં,

### 2. પ્રવૃત્તિ : એકમાંથી બે ! તા. જોડીકાર્ય

- એક વાકયમાંથી બે અર્થપૂર્ણ વાકયો બનાવો.
  1. મુકતક સમાવવા ગાગર કરે કામ જેવું સાગરમાં ચોટદાર દુહાની છે અસર હોય છે.
  2. પૂરી તણી ઘરમહીં ને દિવાળી થઈ રજાઓ થઈ સ્ખલિત કેરી દહાડાઓ પ્રથમની શાંતિ.

### 3. પ્રવૃત્તિ : જોડકાં જોડો તા. જોડીકાર્ય

- તમારા વિજ્ઞાનના પુસ્તકના પ્રકરણ-1નું પાના નં.16 ખોલો. તેમાં આપેલ "ક્ષેત્રકાર્ય અધ્યયનનું ઉદાહરણ" વાંચો અને નીચે આપેલી માહિતી જોડો.

| | | | |
|---|---|---|---|
| 1 | પારંપરિક ખેતી | A | ઘઉં, ચણા, સોયાબીન, મગ |
| 2 | આધુનિક ખેતી પદ્ધતિ | B | કુદરતી ખાતર, રાસાયણિક ખાતર |
| 3 | અળસિયાં | C | એક એકર જમીનમાં 9 થી 11 ક્વિન્ટલ |
| 4 | ખાતર | D | આ ખેડૂતમિત્રો જમીનને પોચી કરે છે. |
| 5 | બીજ | E | દાતરડું અને હળ જેવાં ઓજારો દ્વારા વરસાદ આધારિત ખેતી. |
| 6 | 9 થી 11 ક્વિન્ટલ / એકર | F | ટ્રેકટર અને હાર્વેસ્ટરની સાથે યોગ્ય માત્રામાં ખાતરનો ઉપયોગ કરી, સારી નીપજ પ્રાપ્ત કરી શકાય તેવી ખેતી. |

## 4. પ્રવૃત્તિ : વીડિયો ક્લિપ નિહાળો  તા.  જૂથકાર્ય

આ QRકોડ સ્કેન કરીને વીડિયો ક્લિપ જુઓ અને નીચેની બાબતો પર જૂથમાં ચર્ચા કરો.

- એવી કઈ-કઈ જગ્યાએ તમે શાણા વાંદરા જેવું વર્તન કરી શકો.

## 5. પ્રવૃત્તિ : તમે સમજ્યા?  તા.  જોડીકાર્ય

- ગુજરાતી પાઠયપુસ્તક પ્રથમ સત્ર પાન નં.20, 21 પરનો ફકરો વાંચી, ચર્ચા કરી પ્રશ્નોના જવાબ આપો.

  ''રાજયનું વિધાનસભાગૃહ .................. અત્યંત પ્રભાવિત થયા.''

  1. પોલીસ બંદોબસ્ત શા માટે રાખવો જરૂરી છે?
  2. ફકરામાં 'સરકત સીડી' માટે કયો શબ્દ વપરાયો છે?
  3. વિધાનસભાને ધારાસભા શા માટે કહેવામાં આવે છે?
  4. વિધાનસભામાં સભ્યો કોને સંબોધીને પ્રશ્નો પૂછતા હોય છે?
  5. વિધાનસભામાં અધ્યક્ષની બેઠક વ્યવસ્થા અન્ય સભ્યો કરતાં ઊંચે કેમ રાખવામાં આવતી હશે?
  6. નીચેનામાંથી કયુ સાચું છે?

     (અ) મતવિસ્તારના પ્રશ્નો અધ્યક્ષ સમક્ષ રજૂ થાય છે.

     (બ) મતવિસ્તારના પ્રશ્નો મંત્રીઓ સમક્ષ રજૂ થાય છે.

     (ક) મતવિસ્તારના પ્રશ્નો સભા સમક્ષ રજૂ થાય છે.

     (ડ) મતવિસ્તારના પ્રશ્નો અધ્યક્ષના માધ્યમથી સભા સમક્ષ રજૂ થાય છે.
  7. વિધાનસભામાં કોણ હાજર હતું?

     (અ) વિદ્યાર્થીઓ, શિક્ષકો, ધારાસભ્યો


     (બ) વિદ્યાર્થીઓ, શિક્ષકો, મંત્રીઓ

     (ક) વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિધાનસભ્યો, મંત્રીઓ

     (ડ) વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિધાનસભ્યો, મંત્રીઓ, અધ્યક્ષ અને સ્ટાફ


## 6. પ્રવૃત્તિ : આકૃતિ વર્ણવો તા. જોડીકાર્ય

- ચતુષ્કોણ રચના માટે તેની કાચી આકૃતિઓ આપેલી છે, તેના આધારે ઉદાહરણ મુજબ વિધાન લખો.





(1) આ પ્રકારની રચના જ્યારે ચાર બાજુ અને વિકર્ણ આપ્યો હોય ત્યારે બનાવી શકાય.

(2)





................................................
................................................
................................................

(3)




.................................
.................................
.................................




(4)...........................................

........................................

........................................

## 7. પ્રવૃત્તિ : ખૂટતી કડી તા. જોડીકાર્ય

- સૂચના : (કૌંસમાંના શબ્દોનો એકથી વધુ વખત ઉપયોગ કરી શકાશે.)
  (ઉપસ્થિત, જરૂરી, જમીન, શોષણ, અવલંબિત, વનસ્પતિ અને પ્રાણીઓ, રૂપાંતરિત, જીવાણુ, વાતાવરણમાંના, રૂપાંતરણ.

  આપણા વાતાવરણમાં 78% નાઈટ્રોજન વાયુ છે. નાઈટ્રોજન બધા ................. માટે ........... ઘટક છે. જેમકે, પ્રોટીન, કલોરોફિલ, ન્યુક્લિઈક એસિડ તેમજ વિટામિન્સમાં તે ............. હોય છે. વનસ્પતિઓ તથા પ્રાણીઓ .......... નાઈટ્રોજનનો સીધેસીધો ઉપયોગ કરી શકતા નથી. જમીનમાં રહેલ ............ તેમજ નીલરહિત લીલ વાતાવરણમાં રહેલ નાઈટ્રોજનનું .............. કરીને યોગ્ય નાઈટ્રોજન ક્ષારોમાં ............... કરે છે. જયારે નાઈટ્રોજન આવા ક્ષારોમાં ............. થઈ જાય છે, ત્યારે વનસ્પતિ તેનો ઉપયોગ ............ માંથી મૂળતંત્ર દ્વારા કરે છે. ત્યારબાદ શોષાયેલ નાઈટ્રોજનનો ઉપયોગ પ્રોટીન તેમજ અન્ય સંયોજનોના સંશ્લેષણ માટે કરે છે. વનસ્પતિઓ પર .............. પ્રાણીઓ તેમાંથી પ્રોટીન તેમજ અન્ય નાઈટ્રોજન સંયોજનો પ્રાપ્ત કરે છે.

## 8. પ્રવૃત્તિ : ઉખાણું ઉકેલીએ તા. વ્યક્તિગતકાર્ય

- નીચેનો કોયડો ઉકેલો.
  1. પાંચના ચાર ગણાના પાંચ ગણાનો ચોથો ભાગ એટલે કેટલા?
  2. આવા અન્ય કોયડા શોધીને વર્ગમાં રજૂ કરો.

## આઠમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : વાક્ય પૂર્ણ કરો (જો.....તો.....) તા. જોડીકાર્ય

- પ્રથમ જો.... થી શરૂ કરી એક વિધાન બોલો. પ્રથમ વિદ્યાર્થી જે વિધાન બોલે તેના અનુસંધાને બીજો વિદ્યાર્થી તો..... થી શરૂ કરી વિધાન બોલે. આમ, વાતચીત આગળ વધારવી.

ઉદાહરણ :

- રમેશ : જો મને લાડુ મળે...
- મહેશ : તો હું એકલો ખાઉં નહીં.
- રમેશ : જો...હું એકલો ખાઉં નહીં.
- મહેશ : તો હું નિશાળ જાઉં નહીં
- રમેશ : જો હું નિશાળ.........

### 2. પ્રવૃત્તિ : વાક્યપરિવર્તન તા. જૂથકાર્ય

- નીચેનાં વાકયો લિંગ, વચન અને કાળમાં પરિવર્તન કરીને લખો.

ઉદાહરણ :

1. ચેતનાએ સફરજન ખાધું.
2. વૈદેહીએ વિવેકને ઈનામ આપ્યું.
3. જુમ્માએ બટાકા ખરીદ્યા.
4. કૃણાલે શાળામાં છાપું વાંચ્યું.
5. દિનકર અમેરિકા જવાનો છે.

### 3. પ્રવૃત્તિ : ગણિતગ્રહણ તા. જોડીકાર્ય

- ગણિત પાઠયપુસ્તકના પાન નં.11 પરનો ફકરો અહીં,......... તટસ્થ ઘટક (એકમ ઘટક) છે. વાંચી પ્રશ્નોના જવાબ આપો.

પ્રશ્નો :

1. ઉદાહરણ (2) અને (3) ની ખાલી જગ્યામાં યોગ્ય સંખ્યા મૂકો.
2. $\frac{3}{2}$ ને 1 વડે ગુણીએ છીએ ત્યારે નીપજ તરીકે કઈ સંખ્યા મળે?

   (A) $\frac{3}{2}$ (B) 1 (C) $\frac{2}{3}$ (D) $\frac{3}{2} \times 1$

3. આપણે ................ નીપજ તરીકે મળે છે. અહીં 'નીપજ'નો નજીકનો અર્થ થાય છે.
    (A) સંખ્યાનો 1 વડે ગુણાકાર
    (B) સંખ્યાનો સંખ્યા સાથે ગુણાકાર
    (C) ગુણાકારના અંતે મળતું પરિણામ
    (D) પ્રક્રિયાને અંતે મળતું પરિણામ
4. નીચેનામાંથી કયું વાકય ફકરામાં 'તટસ્થ' શબ્દનો અર્થ દર્શાવે છે?
    (A) કોઈપણ સંખ્યા સાથે તેનો ગુણાકાર કરતાં પરિણામ મૂળ સંખ્યા મળે છે.
    (B) કોઈપણ સંખ્યા સાથે તેનો ગુણાકાર કરતાં પરિણામ શૂન્ય મળે છે.
    (C) કોઈપણ સંખ્યા સાથે તેનો ગુણાકાર કરતાં નીપજ એક (1 ) મળે છે.
    (D) કોઈપણ સંખ્યા સાથે તેનો ગુણાકાર કરવાથી પરિણામમાં ત્રીજી કોઈ નવી જ સંખ્યા મળે છે.
5. નીચેનામાંથી કયું ઉદાહરણ ગુણાકાર માટે તટસ્થ સંખ્યા વિશે સાચું છે?
    (A) $12 \times 1 = 12$  (B) $12 \times 0 = 0$  (C) $12 \times 2 = 24$  (D) $12 \times \frac{1}{12} = 1$

## 4. પ્રવૃત્તિઃ પ્રશ્ન પૂછીને વાર્તા બનાવવી. (મૌખિક) તા. જૂથકાર્ય

- શિક્ષક એક વાકય બોલશે, તમારે તેને આધારે પ્રશ્નો પૂછતા જઈને વાર્તા બનાવવાની છે.

ઉદાહરણ તરીકે - શિક્ષક બોલ્યા : એક વાઘ હતો.

પ્રશ્નો :

1. વાઘ કયાં રહેતો હતો?
2. વાઘને કોની સાથે દોસ્તી હતી?

## 5. પ્રવૃત્તિ : શબ્દશોધ તા. જોડીકાર્ય

- રેખાંકિત શબ્દોના જેવા અર્થવાળા કૌંસમાંથી શબ્દો પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(ગુજરાતી, પ્રથમ સત્ર, 'દીકરાનો મારનાર' પેજ નંબર-41વાંચો)

(શરીરે, ધુળેટી રમનારા, સરખે સરખા, મશગૂલ, હોળી, તહેવાર, શોભતાં, આસપાસના, સર્વેના)

દેવળિયા ગામના ઝાંપામાં ફાગણ વદ એકમને પ્રભાતે ધુળેટી રમાઈ રહી છે. વચ્ચે દરબાર મંદોદરખાનનો આઠ વરસનો દીકરો અને <u>કોરેમોરે</u> / ........... ગામ <u>આખાના</u> / ............ <u>હેડીહેડીના</u> / ......... જુવાનો છે. આગલે દિવસે <u>હુતાશણીનું</u> / ....... <u>પરબ</u>

/ ........ હતું. એટલે લીલા, પીળા અને કેસરિયા રંગમાં સહુ ગરકાવ / ........ હતા. તમામને અંગે / ....... પચરંગી છાંટણાં દીપતાં / ........ હતાં. પણ આ જ તો પડવો, એટલે ઘેરૈયા / .......... માઝા છાંડી ગયા છે.

## 6. પ્રવૃત્તિ : જોડી સંવાદો ગોઠવો. તા. જોડીકાર્ય

- વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી પાન નં.2 પરનો ફકરો : "પાક ઉછેરતાં (રોપતાં) પહેલાં ...................................... પાક રોપવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે." વાંચો
- ફકરાના આધારે આપેલા જોડી સંવાદો આડાઅવળા થઈ ગયા છે તેને યોગ્ય ક્રમ આપેલા ☐ માં દર્શાવો.

☐ ગમલાભાઈ : અળસિયાં પણ માટીને ઉપર નીચે કરીને પોચી બનાવે છે જેથી મૂળ જમીનમાં ઊંડે સુધી જઈ શકે.
રોહિત : હં ...... આથી જ અળસિયાં ખેડૂતના મિત્રો ગણાય છે.

☐ ગમલાભાઈ : અને હા, અળસિયાં અને સૂક્ષ્મજીવો સડતાં સેન્દ્રિય પદાર્થોને માટીમાં ઉમેરે છે.
માનસી : ગમલાકાકા, સેન્દ્રિય પદાર્થો એટલે શું?

☐ ગમલાકાકા : વનસ્પતિનાં ખરી ગયેલાં પાંદડાં, ડાળીઓ, ફૂલો વગેરે તેમજ મરી ગયેલાં પ્રાણીઓના શરીર કોહવાઈને જે પદાર્થો બને તે એટલે સેન્દ્રિય પદાર્થો.
રોહિત અને કેતકી : અરે હવે ખબર પડી કે આ સેન્દ્રિય પદાર્થો એટલે કુદરતી ખાતર જે વનસ્પતિને પોષણ આપે છે.

☐ કેતન : માટીને શા માટે પોચી બનાવવી જોઈએ અને ઊંલટાવવી જોઈએ?
ગમલાકાકા : માટી પોચી બને તો વનસ્પતિના મૂળ ઊંડે સુધી જાય અને ઉલટાવવાથી મૂળને શ્વસન માટે હવા સરળતાથી મળી રહે.

## 7. પ્રવૃત્તિ : વાર્તા રે વાર્તા તા. જૂથકાર્ય

- તમારા જૂથના મિત્રો સાથે રાઉન્ડમાં બેસો.
- શિક્ષક તમને એક વાર્તાની શરૂઆત કરાવશે. (દા.ત. એક ગામ હતું. તેમાં ચાર મિત્રો રહેતા હતા. તેમાંથી એકે સિંહ પાળેલો હતો.)
- વાર્તામાં આગળ શું બન્યું હશે તે તમારા જૂથના મિત્રો સાથે મળી ચર્ચા કરો.
- અંત સુધીની આખી વાર્તા બની જાય ત્યારે વર્ગમાં રજૂ કરો.


**8. પ્રવૃત્તિ : તમે સમજ્યા?** **તા.** **જોડીકાર્ય**

- તમારા ગુજરાતીના પાઠયપુસ્તક (પ્રથમ સત્ર)ના પાના નં.29 પરનો ફકરો વાંચો અને એને આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. રાજા પ્રજાવત્સલ છે એ બાબત જે વાકયો જણાય તેની નીચે લીટી દોરો.
2. દુષ્કાળની સૌથી વધુ તીવ્રતા દર્શાવતા શબ્દસમૂહો શોધીને લખો.
3. રાજા જગડુશાને ઘણો આદર આપે છે, તે બાબત દર્શાવતાં વાકયો નીચે લીટી દોરો.
4. રાજા પોતાના મંત્રીમંડળની સલાહને અનુસરે છે, એવું આપણે શાના પરથી કહી શકીએ?
5. રાજાની જગડુશાની મદદ માટેની અધીરાઈ કયા શબ્દોથી પ્રગટ થાય છે?

**9. પ્રવૃત્તિ : ગાણિતિક કોયડા ઉકેલો** **તા.** **જોડીકાર્ય**

- વિધાનોના આધારે કહો કે કોણ કયા નંબરના ફ્લેટમાં રહે છે?



| | | |
|---|---|---|
| 4 | 5 | 6 |
| 1 | 2 | 3 |

1. સચીનના ઘર પાસે વિમલનું ઘર છે.
2. જયદીપનું ઘર દિવ્યેશ અને વિમલના ઘરની વચ્ચે આવેલું છે.
3. ઓમનું ઘર ઝાડની નજીક નથી.
4. જયદીપના ઘરની નીચે પ્રદીપ રહે છે.
5. આ પ્રકારના અન્ય ગાણિતિક કોયડાઓ મેળવીને એનો ઉકેલ વર્ગમાં સાથે મળીને મેળવો.

- સચીનનો ફ્લેટ નં. .....  - જયદીપનો ફ્લેટ નં. .....
- વિમલનો ફ્લેટ નં. .....  - દિવ્યેશનો ફ્લેટ નં. .....
- ઓમનો ફ્લેટ નં. .....  - પ્રદીપનો ફ્લેટ નં. .....

# નવમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : અનુભવકથન તા. જૂથકાર્ય

- તમે વાવાઝોડાંનો અનુભવ કર્યો હશે. આથી નાના જૂથમાં બેસીને વાવાઝોડાં વિશે વાતો કરો.

  વાતો માટેના મુદ્દા.

  1. વાવાઝોડાંનો અનુભવ
  2. વાવાઝોડું કેમ આવે?
  3. વાવાઝોડું કેવી રીતે આવે?
  4. વાવાઝોડા વખતે શું શું બને?
  5. વાવાઝોડાથી બચવાના ઉપાયો
  6. વાવાઝોડાનાં બીજાં કયાં કયાં નામ તમને આવડે છે?

## 2. પ્રવૃત્તિ : શોધો અને કરો તા. જોડીકાર્ય

- આપેલ ચોરસમાંથી કહેવતો શોધો અને તેનો વાકયમાં પ્રયોગ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘડો | | દીવો | | ઝાઝા | |
| | દશેરાએ | | ઘોડું | | મામાનું |
| ઘર | | એટલે | | અધૂરો | |
| | હાથ | | ન | | દોડવું |
| કેટલે | | રળિયામણા | | | |
| | છલકાય | | | | બળે |

## 3. પ્રવૃત્તિ : જાદુઈ ચોરસ તા. વ્યક્તિગતકાર્ય

- સૂચના પ્રમાણે કરો.

| | | |
|---|---|---|
| 4 | 9 | 2 |
| 3 | 5 | 7 |
| 8 | 1 | 6 |

1. ચોરસની પહેલી હરોળનો સરવાળો ......... ₹ ......... ₹ ......... = ☐
2. ચોરસના જમણેથી ડાબા વિકર્ણ પર આવેલી સંખ્યાનો સરવાળો

   ......... ₹ ......... ₹ ......... = ☐
3. ચોરસના બીજા સ્તંભનો સરવાળો ......... ₹ ......... ₹ ......... = ☐
4. આ ચોરસની વિશેષતા લખો.

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

- આવો 4 હરોળ અને 4 સ્તંભનો કોઈ એક વિશેષતા ધરાવતો ચોરસ રચો.

**4. પ્રવૃત્તિ : અર્થગ્રહણ તા. જોડીકાર્ય**

- ગુજરાતી પાઠયપુસ્તક (પ્રથમ સત્ર)ના પાન નં.30 પરનો ફકરો વાંચી, ચર્ચા કરી પ્રશ્નોના જવાબ આપો.

  રાજા : "મારી રાંકડી રૈયત .................. ખુલ્લા મૂકી દીધા છે !"

1. રાજાએ જગડુશાને ખૂબ જ માન આપ્યું. આ સ્થિતિ દર્શાવતી વિગતો કઈ કઈ છે?
2. જગડુશા કયાંના વતની હતા? એ શાના આધારે કહી શકાય?
3. "એકલા ગુજરાતની : .......... શું થવા બેઠું છે?" જગડુશાના આ સંવાદમાં જગડુશા પોતાની વાત બળપૂર્વક રજૂ કરવા કયા કયા રૂપકોનો ઉપયોગ કર્યો છે?
4. રાજાએ જગડુશાને ખૂબ જ માન આપ્યું, કારણકે

   (અ) જગડુશા રાજાના ઘણા સારા મિત્ર છે.

   (બ) જગડુશા રાજાના ખૂબ મોટા વેપારી છે.

   (ક) રાજા જગડુશા પાસે મદદ મેળવવા ઈચ્છે છે.

   (ડ) જગડુશાએ રાજાને આર્થિક મદદ કરી છે.
5. જગડુશાને સત્કારવા રાજા આવે તેવો સંદેશો પ્રધાને શા માટે આપ્યો હશે?

   (અ) જગડુશાના મનમાં તેવી અપેક્ષા હશે.


   (બ) જગડુશા રાજ્યમાં ખૂબ મોટા વેપારી છે.

   (ક) રાજા જગડુશા પાસે મદદ મેળવવા ઈચ્છે છે.

   (ડ) જગડુશાએ રાજાને આર્થિક મદદ કરી છે.

## 5. પ્રવૃત્તિ : દર્પણ બોલે છે. તા. જોડીકાર્ય

- ફકરાને અરીસા સામે ધરી વાંચો અને ફરીથી લખો.



## 6. પ્રવૃત્તિ : તમે સમજ્યા? તા. જોડીકાર્ય

- ધો-8 સામાજિક વિજ્ઞાન (પ્રથમ સત્ર)ના પાના નં.15 ફકરો-2 વાંચી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

  પ્રશ્નો :

  1. વર્ષ 2019 માં લોકસભા માટે ચૂંટણી યોજાઈ, હવે કયા વર્ષમાં યોજાશે?

     ..........................................................................

  2. ભારતીની ઉંમર 20 વર્ષની છે, તે મતદાન કરી શકશે? હા કે ના.

     ..........................................................................

  3. નીચેનાં વિધાનોમાં 'સ્વતંત્રતા' અને 'અભિવ્યક્તિ' ના ભાવને વ્યકત કરતા હોય તેની સામે જે તે શબ્દ લખો.

     o મયૂર હાલમાં જૂનાગઢમાં વ્યવસાય કરે છે હવે તે રાજકોટમાં જઈને દુકાન શરૂ કરવા માંગે છે. .................

- o સોસાયટીની મિટિંગમાં બબલભાઈએ કહ્યું કે ‘‘ખર્ચ બાબતે મને વાંધો છે અને આ કામ થઈ શકે નહિ.’’ .................
- o લેખકશ્રીએ સરકારશ્રીના નિર્ણયની આકરી ટીકા કરીને લોકોને જાગૃત કરવા માટે લેખ લખ્યો. .................
- o ભારતમાં તમામ લોકો પોતે ઈચ્છે તે ધર્મ પાળી શકે છે.

4. વાકયોમાં આપેલી માહિતી સામે ‘શકય’ કે ‘અશકય’ લખો.
   - o પારૂલબેનની ઉંમર 30 વર્ષ છે. તેઓને ગ્રામ પંચાયતમાં સરપંચ માટે ઉમેદવારી નોંધાવવી છે. . .................
   - o અલ્પેશભાઈ ધોરણ-8 માં ભણે છે. તેમને વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવું છે. .................
   - o મેથ્યુઝ નામની વ્યક્તિ અમેરિકાની નાગરિક છે. તે ભારતની લોકસભા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માગે છે. ................
   - o ભરતભાઈ ઈચ્છે છે કે ચૂંટણી કર્યા વિના ગુજરાતના મુખ્યમંત્રી નક્કી થાય. ................

| 7. **પ્રવૃત્તિ : અર્થગ્રહણ** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ગુજરાતી પાઠયપુસ્તક (પ્રથમ સત્ર) પાના નં.29 પરનો ફકરો વાંચી, ચર્ચા કરી પ્રશ્નોના જવાબ આપો.સ્થળ : પાટણ ....... ‘‘અમે મરી જઈએ છીએ !’’

1. રાજા જોષીની વાતમાંથી શું સમજ્યા હશે?

   (અ) રાજજોષી કાંઈ કહેવા માગતા નથી.

   (બ) રાજજોષી રાજાને ન ગમે તેવું બોલવા જાય છે.

   (ક) રાજજોષીની ભવિષ્યવાણી રાજા સમજી ગયા.

   (ડ) આ વર્ષે વરસાદ સારો નથી તેવું રાજા સમજી ગયા.

2. ‘‘અમને ખાવાનું આપો! અમને જિવાડો! અમે મરી જઈએ છીએ!” વિધાનમાં કેવો ભાવ વ્યકત થાય છે?

   (અ) વિરોધ (બ) વિનંતિ (ક) યાચના (ડ) દયા

3. કાળવાણી એટલે?

   (અ) ખરાબ ભાષા (બ) ભવિષ્યવાણી

   (ક) ખોટી માહિતી (ડ)અણગમતી વાત

## 8. પ્રવૃત્તિ : શબ્દાંક સાથે તા. જોડીકાર્ય

- બે બે ની જોડીમાં બેસી જાઓ અને નીચેના કોષ્ટકની ખાલી જગ્યા પૂરો.

| અંક | માતૃભાષા ગુજરાતી | રાષ્ટ્રભાષા હિન્દી | આંતરરાષ્ટ્રીય ભાષા અંગ્રેજી | દેવભાષા સંસ્કૃત | અન્ય ભાષા રોમન લિપિ |
|---|---|---|---|---|---|
| 7 | સાત | | Seven | | VII |
| 11 | અગિયાર | ............. | ............. | | ............. |
| 22 | બાવીસ | ............. | Twenty two | ............. | XXII |
| 30 | ત્રીસ | ............. | ............. | | ............. |
| 76 | છોત્તેર | ............. | Seventy Six | ............. | ............. |
| 300 | ત્રણસો | ............. | ............. | ............. | CCC |
| 700 | સાતસો | ............. | ............. | ............. | DCC |
| 1000 | હજાર | ............. | ............. | ............. | ............. |

## 9. પ્રવૃત્તિ : ગુજરાતીમાં ગણિત તા. જોડીકાર્ય

- ઉદાહરણ પ્રમાણે અંકવાળી કહેવતો લખો અને વર્ગ સમક્ષ કહો.

ઉદાહરણ : એક કરતાં બે ભલા

(1) ..............................................................................

(2) ..............................................................................

(3) ..............................................................................

(4) ..............................................................................

(5) ..............................................................................

# દસમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : જો...તો.... ता. જૂથકાર્ય

- એક વિદ્યાર્થી ‘જો....’ થી એક વાકયની શરૂઆત કરે. જે કોઈને ‘તો....’ વડે આ વાકયને પૂરું કરવું હોય તે હાથ ઊંચો કરે. ટૂંકમાં, એક વિદ્યાર્થી પૂર્વાર્ધ એટલે કે વાકયનો આગળનો ભાગ બોલે, બીજો ઉત્તરાર્ધ એટલે કે વાકયનો પાછળનો ભાગ બોલે.
- ઉદાહરણ : જો આકાશમાં વાદળાં થાય... (એક વિદ્યાર્થી)

  ....તો કદાચ વરસાદ વરસે. (બીજો વિદ્યાર્થી)

  જો હું ડૉકટર હોઉં... (એક વિદ્યાર્થી)

  ....તો દર્દીઓ સાથે પ્રેમથી વાત કરું (બીજો વિદ્યાર્થી)

  આવી રીતે રમત આગળ રમો.

## 2. પ્રવૃત્તિ : શબ્દ પરિવાર ता. જોડીકાર્ય

- ઉદાહરણમાં આપેલ શબ્દ પરિવાર મુજબ ખાલી ખાનાના શબ્દોના પરિવાર બનાવો.

| વિદ્યાલય | દિવાળી | બગીચો | જંગલ | મંદિર |
|---|---|---|---|---|
| મકાન | | | | |
| પ્રાર્થના | | | | |
| મેદાન | | | | |
| વર્ગખંડ | | | | |
| ઘંટ | | | | |
| વિદ્યાર્થી | | | | |
| શિક્ષક | | | | |

- લખેલ શબ્દોનો ઉપયોગ કરી એક સ-રસ વાર્તાલાપ કે સંવાદ તૈયાર કરો અને વર્ગમાં રજૂ કરો.

## 3. પ્રવૃત્તિ : બહુવૈકલ્પિક પ્રશ્નો ता. જોડીકાર્ય

- વાકયો વાંચી લાગુ પડતા જવાબ સામે ખરાની નિશાની કરી વર્ગ સમક્ષ રજૂ કરો.

  40 ડિગ્રી સરેરાશ તાપમાનનો અર્થ...

  1. તાપમાન 40 ડિગ્રીથી વધારે નહિ.
  2. તાપમાન હંમેશાં 40 ડિગ્રી રહે છે.
  3. કયારેક 40 ડિગ્રીથી વધુ અને કયારેક 40°થી ઓછું પરંતુ 40 ડિગ્રીની આસપાસ રહે છે.
  4. ઉપરનામાંથી એકપણ નહિ.

- બંને ખૂણા કોટિકોણ છે તો,
  - o બંને કાટકોણ હશે.
  - o બંને ગુરુકોણ હશે.
  - o બંને લઘુકોણ હશે.
  - o ઉપરનામાંથી એકપણ નહિ.
- બે રેખાખંડ એકરૂપ છે તો,
  - o એક ઉપર બીજો રેખાખંડ મૂકવામાં આવે તો પરસ્પર અંશતઃ આવરી લેશે.
  - o એક ઉપર બીજો રેખાખંડ મૂકતાં પરસ્પર પૂરેપૂરા આવરી લેશે.
  - o એક ઉપર બીજો રેખાખંડ મૂકતાં પરસ્પર આવરી લેશે નહિ.
- ગણિતમાં 'પ્રતિ' શબ્દનો અર્થ
  - o દરેક માટે
  - o તેના તરફ
  - o સંબોધન
  - o કલાક
- ટકાવારી એટલે
  - o રાશિઓની સરખામણી કરવાની રીત
  - o રાશિઓની સરાસરી કાઢવાની રીત
  - o રાશિઓનો પ્રમાણ શોધવાની રીત
  - o રાશિઓનો વિસ્તાર મેળવવાની રીત

**4. પ્રવૃત્તિ : કૌન બનેગા જૂઠા સમ્રાટ? તા. વ્યક્તિગતકાર્ય**

- શિક્ષક તમને ઝડપથી પાંચ પ્રશ્નો પૂછશે.
- દાવ આપનારે પુછાયેલા પ્રશ્નોના ફટાફટ જવાબો આપવાના રહેશે.
- જવાબ આપતી વખતે ને ધ્યાને રાખવું કે તમારે પુછાયેલા પ્રશ્નનો ખોટો જવાબ જ આપવાનો છે, સાચો નહીં.
- જો તમારાથી સાચો જવાબ અપાઈ જાય તો તમે આઉટ ગણાશો.
- પુછાયેલા પાંચેય પ્રશ્નોના ખોટા જવાબ આપનારને જૂઠસમ્રાટનું ઈનામ અપાશે.

ઉદાહરણ

1. તમે કયા ધોરણમાં ભણો છો?

   જ. હું દસમા ધોરણમાં ભણું છું.

2. તમારું નામ શું છે?

   જ. મારું નામ અમિતાભ બચ્ચન છે.

3. શેખ અબ્દુલ્લા ક્યાં રહેતા હતા?

   શેખ અબ્દુલ્લા નવસારીમાં રહેતા હતા.

- એમ વારાફરતી રમત રમાડી શકાય.

**5. પ્રવૃત્તિ : ચાલો, કશુંક ઉમરીએ તા. જૂથકાર્ય**

- વાક્યમાં સંજ્ઞા, વિશષેણ કે અન્ય કોઈ પદ મૂકીને જૂથનાં દરેક વિદ્યાર્થી ક્રમશઃ વાક્યને મોટું બનાવો.

ઉદાહરણ : હું અને સરોજ અંધારામાં પસાર થતા હતા.

હું અને મારી નાની બહેન સરોજ સાંજના આછા અંધારામાં ધીમે ધીમે પસાર થતા હતા.

વિષયવસ્તુ :

1. સૈનિક મારો મિત્ર છે.
2. અકબરને જલેબી ભાવે છે.
3. દધીચિ ઋષિ હતા.
4. શ્રુતિ હોશિયાર છે.

**6. પ્રવૃત્તિ : ચકલીની ચર્ચા તા. જૂથકાર્ય**

- સામાજિક વિજ્ઞાન પાન નં. 7 (દ્વિતીય સત્ર) પરનું 2.1 ચિત્ર જુઓ આ ચિત્ર વિશે તમારા મિત્રો સાથે ચર્ચા કરો.

  નીચેના જેવા પ્રશ્નો પર ચર્ચા કરી શકાય.

1. બંને ચકલીઓની આંખમાં આંસું કેમ છે?
2. ચિત્રમાં તમને શું-શું જુદું લાગે છે?
3. ચકલીઓ તો આકાશમાં ઊડે છે તો એમને આવો પ્રશ્ન કેમ થયો હશે?
4. તમારા વિસ્તારમાં ચકલીઓ ટકી રહે એ માટે તમે શું કરશો?

**7. પ્રવૃત્તિ : વાક્યો બનાવો** **તા.** વ્યક્તિગતકાર્ય

- કાનામાત્રા વગરનાં વાક્યોમાં યોગ્ય કાનામાત્રા વગેરે મૂકી અર્થપૂર્ણ વાક્યો બનાવો.
  અક નન ગમ હત. ચમ ચર ભઈઅ રહત હત. ત વપર કરત હત. અક ભઈ અળસ હત. નમદ પર અવય. ત સત રહય. નદન પણમ ત ડબ ગય.

**8. પ્રવૃત્તિ : તમે સમજ્યા?** **તા.** જોડીકાર્ય

- ગુજરાતી પાઠયપુસ્તક દ્વિતીય સત્ર પાના નં. 1 પરના કાવ્યનું ભાવવાહી ગાન કરો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.
  1. 'દિવાળીની રજાઓ' પૂરી થાય ત્યારે તમારા ઘરમાં શું-શું થાય છે તે અંગે લખો.
  2. કવિનાં ફોઈ કેવાં હતાં?
  3. આ કાવ્ય જે રીતે ગાઈ શકાય છે, તે પ્રમાણે ગાઈ શકાય તેવી અન્ય બે પંક્તિ લખો.
  4. 'સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા...' અહીં ભાઈ ઘર લઈને કઈ રીતે ઊપડ્યા હશે તે લખો.
  5. ''વરદ કટથી ખીલેલાં ફૂલોને અર્પણ કર્યાં.'' આ વાક્ય કાવ્યની જેમ ગાન કરી શકાય તે પ્રમાણે ફેરફાર કરીને લખો.

**9. પ્રવૃત્તિ : કહો હું કોણ?** **તા.** જોડીકાર્ય

- નીચેનાં વિધાનો તમારા જોડીદાર સાથે મળીને વાંચો અને જણાવો કે હું કોણ છું?
  - મારો રંગ સફેદ અને કાળો છે.
  - હું આગળ-પાછળ, ડાબી-જમણી, ગોળ-ગોળ ફરી શકું છું.
  - મારી અંદર પાણી પણ છે.
  - રાતના સમયે તમે મારો ઉપયોગ કરતા નથી.
  - અંધારામાં હું કામ કરતી નથી.
  - બોલો હું કોણ છું?
- ઉખાણાનો ઉત્તર વર્ગ સમક્ષ રજૂ કરો.

# અગિયારમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : મૈં તો સા'બ બન ગયા તા. જૂથકાર્ય

- આજના દિવસે શિક્ષકો તમારા વિદ્યાર્થીઓ છે.
- જેમ તમારા શિક્ષકો તમને લેશન આપે છે, તેમ આજે તમારે તમારા વિદ્યાર્થીઓને લેશન આપવાનું છે.
- તમારા જૂથમાં મિત્રો સાથે મળીને વિચારો કે કયા ત્રણ શિક્ષકને કયું-કયું લેશન આપશો?
- પછી વર્ગમાં રજૂ કરો.

## 2. પ્રવૃત્તિ : ઘટનાક્રમ ગોઠવો તા. જોડીકાર્ય

- ફકરો વાંચો અને ફકરા સાથે નીચેનાં વાક્યોને ઘટનાના ક્રમમાં ગોઠવો. તે ક્રમ બાજુના ચોરસમાં લખો.

1. ધોરણ-8 ગુજરાતી પાઠ્યપુસ્તક – દ્વિતીય સત્ર પાના નં. 7 (આ વિચારથી ભોળવાઈને …ઘડિયાળ જ બંધ પડી ગયું.)

1. રાતના દોઢ સુધી ઊંઘ જ ન આવી. ☐
2. ઘડિયાળ જ બંધ પડી ગયું. ☐
3. સવારે આઠ વાગ્યે જ ખબર પડી કે કાંટો ખોટો ગોઠવાયો. ☐
4. પાંચ વાગ્યે ઉઠાયું. ☐
5. મોડા ઊઠવામાં વાંધો નહિ. ☐

## 3. પ્રવૃત્તિ : ઘન અને ઘનમૂળ તા. જોડીકાર્ય

- ગણિતના પાઠ્યપુસ્તકનાં પાના નં. 109 પરનો ફકરો(ભારતના મહાન ………. વર્ષોથી જાણીતી હતી.) વાંચો, હવે બોક્સમાં આપેલા શબ્દો અને અંકો વાંચી તે કોને લાગુ પડે છે તે બાજુના કોષ્ટકમાં લખો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

| | રામાનુજન્ | હાર્ડી |
|---|---|---|
| મેધાવી, ટેક્સી, ગણિતશાસ્ત્રી, પ્રત્યુત્તર, પ્રખ્યાત, ડલ અંક, રસપ્રદ અંક, મહાન, પ્રોફેસર, 1729 | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

**4. પ્રવૃત્તિ : શબ્દસાંકળ　　　　તા.　　　　　　　　　　　　　　　　જૂથકાર્ય**

- તમારા જૂથના મિત્રો સાથે વર્તુળમાં બેસો.
- પ્રવૃત્તિની શરૂઆત કોણ કરશે તે નક્કી કરો.
- શરૂઆત કરનાર હું કહું તે શબ્દ અને તેના જેવો એક શબ્દ બોલશે. દા.ત. વિદ્યાલય-સચિવાલય.
- તેની બાજુમાં બેઠેલ વિદ્યાર્થીએ 'વિદ્યાલય' કે 'સચિવાલય'ના પ્રાસવાળો કોઈ એક શબ્દ ઉમેરવો. દા.ત. વિદ્યાલય, સચિવાલય, હિમાલય...
- આ રીતે રાઉન્ડમાં ઝડપથી પ્રાસયુક્ત શબ્દ બોલતા જાઓ.
- જે વિદ્યાર્થી પ્રાસયુક્ત શબ્દ-સાંકળ આગળ વધારી ન શકે તે આઉટ.
- બધા આઉટ થાય ત્યાં સુધી આ રમત રમો.
- ત્યાર બાદ નવો શબ્દ લઈ છેલ્લો આઉટ થયેલો વિદ્યાર્થી ફરીથી રમત શરૂ કરશે. દા.ત. રમણીય
- આ જ રીતે શબ્દ અંતાક્ષરી / શબ્દાંતકડી રમત રમો.

**5. પ્રવૃત્તિ : શબ્દ એક વાક્ય અનેક　　　　તા.　　　　　　　　　　　જૂથકાર્ય**

- આપેલ શબ્દ આવે એ રીતે એક એક વાક્ય બોલો.

  ઉદાહરણ : લાડુ

  જૂથ-1 : આજે બપોરના ભોજનમાં લાડુની વાનગી છે.

  જૂથ-2 : મારી મમ્મી ચુરમાના લાડુ સરસ બનાવે છે.

  જૂથ-3 : મેં મારા મિત્રો સાથે લાડુની મિજબાની કરી.

  જૂથ-4 : શાળામાં મેં ચાર લાડુ ખાધા.

  જૂથ-5 : આજે મંદિરમાં લાડુની પ્રસાદી હતી.

  જૂથ-6 : ગણપતિને લાડુ ખૂબ જ પ્રિય છે.

  અન્ય શબ્દો : મોબાઈલ, પુસ્તક, વિદ્યુતપ્રવાહ, ચુંબક, 25, શાળા, પરીક્ષા, ગાય.

## 6. પ્રવૃત્તિ : વર્ણન દર્શાવો ता. જૂથકાર્ય

- ધોરણ-8 ગુજરાતી દ્વિતીય સત્ર પાઠયપુસ્તક પાના નં. 41-42 પરના 'સંસ્કારની શ્રીમંતાઈ'માંથી નીચે આપેલ ફકરો વાંચો તેમાંથી ઘટના અને વર્ણન દર્શાવતાં વાક્યો નીચે લખો.

  ‘‘જગમોહનદાસ એટલા શ્રીમંત હતા કે એમના વર્તુળમાં ... હવે એમના ઘરે નાના સામાન્ય માણસોની અવર-જવર હતી.

| અ (ઘટના) | બ (વર્ણન) |
|---|---|
| 1. | |
| 2. | |
| 3. | |
| 4. | |
| 5. | |
| 6. | |
| 7. | |
| 8. | |

- વર્ણન કરતાં કોઈ એક વાક્યને ઘટનામાં ફેરવો.

## 7. પ્રવૃત્તિ : હા કે ના ? ता. જોડીકાર્ય

- સામાજિક વિજ્ઞાન, સત્ર-2, પાન નં. 18 પર આપેલ ફકરો વાંચી નીચે આપેલાં વિધાનો સામે કૌંસમાં આપેલ 'હા' / 'ના' માંથી યોગ્ય ન હોય તે છેકી નાંખો.
- 'સ્વદેશી અને બહિષ્કાર સાથે સંકળાયેલું .... એક ઐતિહાસિક વિજય હતો.

  1. લોકોને અંગ્રેજો દ્વારા આપવામાં આવતા શિક્ષણમાં વિશ્વાસ હતો. (હા / ના)
  2. બંગભંગની ચળવળની શરૂઆત શાંતિનિકેતન વિદ્યાલયથી થઈ હતી. (હા / ના)
  3. બંગભંગની ચળવળના પરિણામ સ્વરૂપ અન્ય શિક્ષણ વ્યવસ્થાની શરૂઆત થઈ. (હા / ના)
  4. ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણની શરૂઆતમાં બંગાળનું પ્રદાન નોંધનીય છે. (હા / ના)
  5. હિંસક વિરોધ થકી અંગ્રેજોએ બંગાળના ભાગલા રદ કરવાની ફરજ પડી. (હા / ના)

**8. પ્રવૃત્તિ : સોચા ન થા તા. જૂથકાર્ય**

- જૂથમાં બેસી વિચારો
  1. જો આપણે ભણવાનું જ ન હોત તો?
  2. જો ભણવાનું જ ન હોત તો આપણે સવારથી સાંજ સુધી આખો દિવસ શું-શું કરતા હોત તે ચર્ચા કરો.
  3. ચર્ચાના અંતે ભણવાનું ન હોય તેવા આખા દિવસનું વર્ણન તૈયાર કરી વર્ગ સમક્ષ રજૂ કરો.

**9. પ્રવૃત્તિ : ટુચકાનો તરખાટ તા. વ્યક્તિગતકાર્ય**

- સંવાદનો ક્રમ એવી રીતે ગોઠવો કે રમૂજ ઊભી થાય. ગોઠવ્યા બાદ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

  રમેશ : મનિયા, ગણિતમાં કેટલા ગુણ આવ્યા?

  મનિયો : પાંચ

  મનિયો : સૂરિયા કરતાં પાંચ ગુણ ઓછા.

  રમેશ : તો સૂરિયાને કેટલા ગુણ આવ્યા?

  1. મનિયાનું ગણિતનું પરિણામ કહો.
  2. સંવાદમાં કેટલી વ્યક્તિની વાત થઈ છે?

## બારમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : વાર્તા રે વાર્તા    તા.    જૂથકાર્ય

- હું તમને એક વાર્તાની શરૂઆત અને અંત કહીશ.
- તેના પરથી વચ્ચે શું બન્યું હશે તેની જૂથમાં ચર્ચા કરો.
- ચર્ચાને અંતે આખી વાર્તા વર્ગમાં રજૂ કરો.

1. શરૂઆત : રામપુર નામનું એક ગામ હતું. તે નદીકિનારે વસેલું હતું. ત્યાં ચંદનદાસ નામનો એક પ્રામાણિક વેપારી રહેતો હતો.
2. વાર્તાનો મધ્યભાગ : .......................................................

.......................................................

.......................................................

.......................................................

.......................................................
3. વાર્તાનો અંત : ચંદનદાસે પોતાનું અંતિમ જીવન આશ્રમમાં સેવાવ્રતી તરીકે પસાર કરવાનું નક્કી કર્યું.

### 2. પ્રવૃત્તિ : શું સમજ્યા?    તા.    જોડીકાર્ય

- ધોરણ-8ના પાઠ્યપુસ્તક (પ્રથમસત્ર)ના પ્રકરણ:.... 'શેઠ જગડુશા'માંનો પૃષ્ઠ નં. 30 પરનો ફકરો વાંચો. આપેલાં વિધાનો દર્શાવતાં વાક્યો નીચે, શબ્દસમૂહો નીચે લીટી દોરો.

1. દરવાન : (પ્રવેશી, રાજાને પ્રણામ કરી)... અંદર લઈ આવ!
2. રાજા : રામજી રાખશે તે રહેશે ! પણ આવે વખતે રૈયતને ટકાવી રાખવાનો રાજ્યનો ધર્મ છે.
3. રાજાની પ્રજાવત્સલતા
4. રાજા દ્વારા જગડુશાને અપાતો પોતાની વ્યક્તિ જેટલો જ આદર.
5. જગડુશાની મદદ માટે રાજાની અધીરાઈ.
6. મંત્રીમંડળની સલાહ અનુસાર રાજા
7. દુષ્કાળની તીવ્રતા

**3. પ્રવૃત્તિ : 'પ્લાસ્ટિક પરિવાર' તા. જૂથકાર્ય**

- ૩-૩નાં જૂથ બનાવો. વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના પાના નં. 36, 37 અને 38 ઉપરના મુદ્દાઓ વાંચો અને તમે ત્રણેય સભ્યો 'પ્લાસ્ટિક પરિવારના' સભ્યો બનો. જેમ કે;
  1. સભ્ય-1 : પોલિથીન
  2. સભ્ય-2 : થર્મોપ્લાસ્ટિક
  3. સભ્ય-3 : થર્મોસેટીંગ પ્લાસ્ટિક
- હવે, ત્રણેય સભ્યો પોતપોતાનો વિસ્તૃત પરિચય મળી રહે તે રીતે જૂથમાં તૈયારી કરો તથા પોતાનામાંથી બનતી ચીજો, ફાયદા-ગેરફાયદા પણ જાણો અને વર્ગસમક્ષ રજૂ કરો.
- 'પ્લાસ્ટિક પરિવાર' પોતે અમર છે એટલે પૃથ્વી પર પોતાના પરિવારની વસ્તી ન વધે તે પણ જણાવો.

**4. પ્રવૃત્તિ : આ પણ સાચું તા. જૂથકાર્ય**

- પાઠ્યપુસ્તકમાં એવા શબ્દો છે જે લખાય છે જુદા અને તમે બોલો છો જુદા? દા.ત. લખ્યું છે ઉંદર ને તમે બોલો છો ઉંદેડો, કીડીનું 'ચીડી'... ગલૂડિયું-કુરકુરિયું, ઊંઘ-નીંદર
- તમારા જોડીદાર સાથે મળી ગુજરાતીની ચોપડીમાંથી આવા શબ્દો / વાક્યોની પાના દીઠ યાદી બનાવો. દરેક જૂથ કોઈ પણ એક પાનું પસંદ કરે.
- આ યાદી તમારા વર્ગમાં રજૂ કરો.
- આટલાં વાક્યો તમે સાવ નાના હતા ત્યારે કેવી રીતે બોલતા હતા, તેવી રીતે બોલી બતાવો. / નાનું બાળક બોલે તેમ બોલો. મમ્મી મારે પાણી પીવું છે. કાળો કૂતરો હાઉં...હાઉં... કરે છે. આવાં 10 વાક્યો આપો.


**5. પ્રવૃત્તિ : શોધો અને કહો તા. જોડીકાર્ય**

- આપેલ વર્તુળમાંથી રૂઢિપ્રયોગો શોધો અને તેનો ઉપયોગ કરી સંવાદલેખન કરો અને વર્ગમાં રજૂ કરો.

બાજી થવો
બેઠા
થવા સંચળ
જાનની
ખાતર રૂંવાડા લગાવવી

## 6. પ્રવૃત્તિ : આલેખ સમજીએ   તા.   જોડીકાર્ય

- નાગપુર શહેરમાં એક સપ્તાહમાં પડેલ વરસાદનો સ્તંભાલેખ દોરેલ છે. આલેખના આધારે અભ્યાસ કરી ચર્ચાને અંતે પ્રશ્નોના જવાબ કહો.




1. નાગપુર શહેર કયા રાજ્યમાં આવેલું છે?
2. નાગપુર શહેરમાં સૌથી વધુ વરસાદ કયા દિવસે પડ્યો?
3. મંગળવારે કેટલા ઈંચ વરસાદ પડ્યો?
4. સૌથી ઓછો વરસાદ કયા દિવસે પડ્યો?
5. આલેખમાં Y-અક્ષ પર શું દર્શાવેલ છે?
6. બંને અક્ષ પરસ્પર કયા બિંદુએ છેદે છે?
7. નાગપુરમાં એક સપ્તાહમાં સરેરાશ કેટલો વરસાદ પડ્યો ગણાય?

## 7. પ્રવૃત્તિ : મુખપૃષ્ઠનો મેકઅપ   તા.   જોડીકાર્ય

- તમારા ગણિતના પાઠ્યપુસ્તકના મૃખપૃષ્ઠને જોઈને કહો તેના પરનાં ચિત્રો શું-શું સૂચવે છે?
- જો તમારે મુખપૃષ્ઠ પર ફેરફાર કરવા હોય તો કયા-કયા ફેરફાર કરો ? કયાં ચિત્રો મૂકો એ વિશે જૂથમાં ચર્ચા કરો.
- તમે નક્કી કરેલા મુખપૃષ્ઠ પરના ફેરફારો વર્ગમાં સૌ સમક્ષ રજૂ કરો.

| **8. પ્રવૃત્તિ : શું સમજ્યા?** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ગુજરાતી પાઠ્યપુસ્તક પ્રથમ સત્ર પાના નં. 31 પરનો ફકરો વાંચી ચર્ચા કરી પ્રશ્નોના જવાબ આપો.

  "રાજા : મૂકી દીધા હતા ......... નામઠામ બધું લખેલું છે."

1. પાટણમાં જગડુશાની અનાજની વખારો હતી. રાજાએ એ વખારોનું અનાજ બળજબરીથી લીધું હોત તો શું થયું હોત?
2. લોકો ભૂખે મરતા હતા, છતાં જગડુશાની વખારો સલામત હતી...તેના આધારે આ સમય કેવો ગણાય?
3. દરેક વખારમાં તાંબાના પતરામાં લેખ લખાવીને જડવામાં આવેલ હતો. કાગળ અને પેનનો ઉપયોગ કરવાની જગ્યાએ તાંબાના પતરામાં કેમ લખ્યું હશે?
4. જૂના સમયમાં, તાંબાના પતરા ઉપર શું-શું લખવામાં આવતું હતું તેવી કોઈ વાત તમારા ધ્યાનમાં હોય તો  લખો, ન હોય તો જાણીને લખો.

| **9. પ્રવૃત્તિ : ગુપ્ત સંદેશ** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- સંખ્યાને સ્થાને English Alphabet મૂકતાં કયો સંદેશ મળશે?

| 13 | 15 | 17 | 19 | 21 | 23 | 25 |
|---|---|---|---|---|---|---|
| A | E | H | R | S | T | V |

1. "21-13-25-15 15-13-19-23-17"

- આ ઉદાહરણ જેવું બીજું એક ઉદાહરણ ગુપ્ત સંદેશનું બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

# તેરમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : અમે જ કહી શકીએ તા. જૂથકાર્ય

- તમારા જૂથમાં સૌ ભેગા મળી ગુજરાતી વિષયના પુસ્તકનું એક ચિત્ર પસંદ કરો.
- પસંદ કરેલા ચિત્ર વિશે વિચાર કરીને ચિત્રનું વર્ણન કરો.
- તે વર્ણન વર્ગમાં રજૂ કરો.
- ચિત્રમાં સાવ નાની, માંડમાંડ દેખાય તેવી બાબત પર ખાસ ધ્યાન આપો.

  દા.ત. પાન નં. 17 પર સાકરના શોધનારા ચિત્રમાં નિખિલરાયનો એક પગ ઊંચો છે.

## 2. પ્રવૃત્તિ : તમે સમજ્યા ? તા. જોડીકાર્ય

- ફકરો ધ્યાનથી વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.

એક વખત એક નાનકડી પણ તોફાની નદીને કેટલાક માણસો પસાર કરી રહ્યા હતાં. નદી પર પુલ નહોતો. આવતાં-જતાં લોકોએ સ્વ-અનુભવથી અમુક રસ્તો નક્કી કરી લીધો હતો. સાચવીજાળવીને લોકોએ આશરે નક્કી કરેલા રસ્તા પરથી પસાર થઈને નદી ઓળંગી લેતા. બધાને ખબર હતી કે આ આશરે નક્કી કરેલા રસ્તાની બંને તરફ જ થોડાંક પગલાં દૂર જવાથી ઊંડા ખાડા અને વમળ હતાં, પણ પુલ તો હતો નહીં એટલે થાય પણ શું? એ પંદરેક પગલાં જેટલી પહોળી નદી લોકો એમ જ આશરે પસાર કરી લેતા.

પસાર થઈ રહેલાં માણસોમાં એ દિવસે એક વૃદ્ધ માણસ પણ હતો. અવસ્થા અને આંખની થોડી નબળાઈના કારણે મહામુશ્કેલીથી એણે રસ્તો પસાર કર્યો. એની પાછળ જ પોતાના નાનકડા બાળકનો હાથ પકડીને માંડમાંડ રસ્તો પસાર કરી રહેલી એક સ્ત્રીને જોઈને એમને દયા આવી ગઈ. એ દાદા સુથાર હતા. સામે કાંઠે પહોંચીને તરત જ એમણે પોતાના ખભે રાખેલા થેલામાંથી ઓજારો કાઢ્યાં. આજુબાજુ ઊગી નીકળેલા વાંસ અને જંગલી વેલાઓ કાપીને એમણે લાકડાનો પુલ બનાવવાનું શરૂ કર્યું. આવતાં-જતાં લોકોમાંથી થોડાક માણસો આ દશ્ય જોઈ ને ઊભા રહી ગયા. કોઈકે વળી સુથારદાદાને પૂછી પણ લીધું. “કેમ દાદા શું કરી રહ્યા છો? પુલ બનાવો છો?”

પોતાના કામમાં મશગૂલ થઈ થયેલા દાદાએ ઊંચું જોયા વિના જ માથું હલાવી હા પાડી.

“દાદા, અહીં જ આસપાસમાં ક્યાંક રહો છો?” પસાર થતાં લોકોમાંથી કોઈક બીજાએ પૂછ્યું.

"ના!" દાદાએ જવાબ વાળ્યો.

"તો પછી રોજ અહીંથી આવવા જવાનું થતું હશે ખરુંને?" પ્રશ્ન કરનારને આશ્ચર્ય થયું હતું, કે જો આ માણસ અહીંયાં ન રહેતો હોય તો વળી એ પુલ બનાવવાની જફા શું કામ વહોરે? નક્કી એને વારંવાર આ નદી ઓળંગવી પડતી હશે.

"ના!" દાદાએ વાંસને એક સરખા કાપીને એકબીજા સાથે મજબૂત બાંધતાં કહ્યું

હવે પેલા માણસની નવાઈનો પાર ન રહ્યો. પોતાનો જરાક પણ સ્વાર્થ ન હોય ત્યાં કોઈ આટલું હેરાન થાય ખરું? એનાથી કહ્યા વિના ન રહેવાયું કે, "દાદા, તો પછી આ બધી માથાકૂટ મૂકોને પડતી! કોના માટે આ પુલ બાંધી રહ્યા છો?"

હવે એ દાદાએ ઊંચું જોયું. કંઈ પણ બોલ્યા વિના પોતાની માતાનો હાથ પકડીને માંડમાંડ નદી પસાર કરી રહેલા બીજા એક બાળક સામે આંગળી ચીંધી. પછી ફરી પોતાના કામે લાગી ગયા..!

1. લોકો નાનકડી નદી કઈ રીતે પાર કરતા હતા?
   - ( ) સુથારદાદાએ બનાવેલા પુલ પરથી
   - ( ) નદી સોંસરવા ચાલીને
   - ( ) એકબીજાનો અનુભવ સાંભળીને
   - ( ) નાનકડી નદીના કાંઠા ઉપર ફરીને
2. નદી પર પુલ બનાવવાની જરૂર હતી કારણ કે,
   - ( ) નદી પર પુલ ન હતો.
   - ( ) સૌને ઊંડા ખાડા-વમળમાં ડૂબી જવાનો ભય હતો.
   - ( ) નદી તોફાની હતી.
   - ( ) નાનાં છોકરાંઓવાળી માતાઓ મુશ્કેલીમાં મુકાઈ જતી હતી.
3. આ નાનકડી નદીની પહોળાઈ આશરે કેટલી હશે?
   - ( ) 25ફૂટ
   - ( ) 15 મીટર
   - ( ) 150 ઈંચ
   - ( ) ત્રણ મીટર
4. તે સવારે નદી ઓળંગતાં દાદાની તરત આગળ કોણ હતું?
   - ( ) માતા
   - ( ) બાળક
   - ( ) વૃદ્ધ માણસ
   - ( ) આ ત્રણમાંથી કોઈ નહીં.
5. નીચેનામાંથી કયું ઓજાર નથી?
   - ( ) હથોડી
   - ( ) કરવત
   - ( ) ખીલી
   - ( ) રંધો

6. આવતા-જતા લોકો શા માટે ઊભા રહી ગયા?
   ( ) પુલ કેવો બને છે તે જોવા માટે
   ( ) જંગલી વેલા, વાંસ અને સુથારદાદાને જોવા માટે
   ( ) આ દૃશ્ય જોવા માટે
   ( ) રસ્તો પસાર કરતી માતા અને બાળકને જોવા માટે
7. કયો શબ્દ જુદો પડે? તેના પર × કરો.
   તકલીફ   હેરાન   માથાકૂટ   જફા
8. મશગૂલનો વિરોધી શબ્દ કયો છે?
   ( ) બેમિસાલ   ( )બેનમૂન ( ) બેધ્યાન ( )બેલગામ
9. કયા વાક્ય પરથી ખબર પડે છે કે દાદા પુલ બનાવી રહ્યા છે?
   ( ) ઊંચું જોયા વિના જ માથું હલાવ્યું.
   ( ) બાળક સામે આંગળી ચીંધી.
   ( ) ખભે રાખેલા થેલામાંથી ઓજારો કાઢ્યાં.
   ( ) વાંસને એક સરખા કાપી મજબૂત રીતે બાંધ્યા.
10. વાર્તાના અંતે આપણે કેવા ઉદ્‌ગાર કાઢી શકીએ?
   ( ) શાબાશ દાદા !
   ( ) વાહ, પુલ તો બન્યો !
   ( ) આ પુલ વહેલો બની ગયો હોત તો!
   ( ) વાંસ અને જંગલી વેલામાંથી કંઈ ટકાઉ પુલ ન બને !

**3. પ્રવૃત્તિ : સૂચના પ્રમાણે કરો.   તા.   જોડીકાર્ય**

1. 19 + 20 + 21 + 22 + 23= ☐
2. કુલ સંખ્યા : ☐
3. વચ્ચેની સંખ્યા : ☐
4. કુલ સંખ્યા ☐ × વચ્ચેની સંખ્યા ☐ = ☐

   હવે તમે કોઈપણ પાંચ સંખ્યા પસંદ કરીને ઉપરના નિયમ(સોપાનો)ને અનુસરો.

   આના આધારે કહી શકાય કે. ..............................................

**4. પ્રવૃત્તિ : ચાલો, જમીએ!** **તા.** **જૂથકાર્ય**

- જૂથમાં તમે બધાં સાથે મળીને નક્કી કરો કે સોમવારે મધ્યાહ્ન ભોજનમાં તમારે કઈ એક વાનગી તથા એક મીઠાઈ ખાવી છે. આથી બધા એક જ વાનગી તેમજ મીઠાઈ નક્કી કરે તે જરૂરી છે. તે મીઠાઈ અને વાનગી બનાવવા કયા પદાર્થો કે સામગ્રીની જરૂર પડે, કેવી રીતે બને તેની ચર્ચા કરો તથા તમે રસોઇ બનાવનાર બહેનને કેવી રીતે આ વાનગી અને મીઠાઈની રીત કહેશો તે પ્રથમ જૂથમાં અન્ય એક બહેન રસોઇ બનાવનાર બહેન બને અને એક વિદ્યાર્થી તેને રીતનું વર્ણન કરે તે ભજવો અને પછી વર્ગ સમક્ષ રજૂ કરો.

**5. પ્રવૃત્તિ : વાક્યજોડી** **તા.** **જૂથકાર્ય**

- આપેલાં બે વાક્યોને યોગ્ય શબ્દની મદદથી જોડી એક વાક્ય બનાવો.

ઉદાહરણ : મારે તો સમયસર પહોંચવું હતું.

હું વહેલો નીકળ્યો.

- મારે તો સમયસર પહોંચવું હતું એટલે હું વહેલો નીકળ્યો.

1. તમે મહેનત કરજો.
   તમને સફળતા નહિ મળે.
2. પરીક્ષાની પદ્ધતિમાં ખોટ છે.
   વિદ્યાર્થીઓને આવડતું હોવા છતાં લખી શકતા નથી.

**6. પ્રવૃત્તિ : શું સમજ્યા?** **તા.** **વ્યક્તિગતકાર્ય**

- ધોરણ-8 સામાજિક વિજ્ઞાન (પ્રથમસત્ર) પાઠ્યપુસ્તકના પાના નં. 27 નો ફકરો 1 વાંચી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. ‘દુષ્કાળ’ શબ્દની સંધિ છૂટી પાડો.
2. ‘વાતાવરણ’ શબ્દની સંધિ છૂટી પાડો.
3. ‘પરીસ્થિતીની’ શબ્દની સાચી જોડણી લખો.
4. વિરુદ્ધાર્થી શબ્દ લખો. (૧) અછત (૨) ઓછી (૩) જમીન
5. દુષ્કાળમાં લોકોને પૂરતું અનાજ મળતું નથી. આ વાક્યના અર્થવાળું વાક્ય બનાવો.

## 7. પ્રવૃત્તિ : હું કોણ? તા. જોડીકાર્ય

- આપેલી વ્યાખ્યા શેની છે તે લખો.
  1. રાજ્ય સરકાર કેટલીક વસ્તુઓના વેચાણ ઉપર વેરો લે છે તેને કહેવાય : વેચાણવેરો
  1. કોઈપણ સંખ્યાને ફરી તે જ મૂળ સંખ્યા વડે ગુણતાં જે ગુણનફળ મળે તેને મૂળ સંખ્યાનો કહે છે. ...........
  2. કોઈ પણ વસ્તુની મૂળ કિંમત અથવા પડતર કિંમત કરતાં વેચાણ કિમત વધારે હોય તો તેને કહેવાય. ............
  3. ચાર શિરોબિંદુ, ચાર ખૂણા અને ચાર બાજુઓવાળી બંધ સમતલીય આકૃતિને કહેવાય. .............
  4. એક કે તેથી વધુ પદો જેના સહગુણકો શૂન્ય ન હોય તેને કહે છે. ...........
  5. ઘન કરવાની ક્રિયાની વ્યસ્ત પ્રક્રિયા એટલે ............

## 8. પ્રવૃત્તિ : સમાન અર્થ તા. જોડીકાર્ય

- સમાન અર્થ ધરાવતું વાક્ય શોધો.
  1. લીલાં પર્ણો મૂંગી સેવા બજાવે છે.

     (અ) લીલાં પાંદડાં પોતાની સેવાથી સૌને બચાવે છે.

     (બ) પોતાના તરફ ધ્યાન ન ખેંચનારાં લીલાં પાન બધાંને ઉપયોગી થતાં હોય છે.

     (ક) લીલાં પર્ણો જરાય ખખડતાં ન હોવાથી મૂંગાં મૂંગાં જ ખરી જાય છે.

     (ડ) જેને સેવા બજાવવી હોય તેણે મૂંગા રહેવું જરૂરી છે.
  2. ખાલી ચણો વાગે ઘણો.

     (અ) ખાલી ચણો લીલાં પાન જેવો છે, સતત વાગતો રહે છે.

     (બ) ખાલી ચણા જેવું થવામાં ઘણી મજા આવે.

     (ક) જો ખાલી ચણો પગમાં વાગે તો આપણાથી મોટો અવાજ થઈ જાય છે.

     (ડ) ઓછી સમજ કે ગુણ ધરાવનાર વ્યક્તિ બોલીબોલીને ધ્યાન ખેંચે છે.
  3. લોકો પોતાના ગુણ અને પરોપકારની જોર-શોરથી જાહેરાત કરે છે.

     (અ) પોતાના ગુણગાન ગાવા સારું ન કહેવાય.

     (બ) તમારા ગુણ અને તમે કરેલા પરોપકાર વિશે બીજાને વાત કરો તો તેઓને તમારો ખરો પરિચય મળે.

(ક) પોતાના જ ગુણો વિશે વાત કરવી હોય તો વિનમ્રતાથી કરાય, જોરશોરથી નહીં.

(ડ) લોકો પોતાનાં વખાણ કરે તેના તરફ આપણે ધ્યાન ન આપવું જોઈએ.

4. કેટલાક માણસો સૂકાં પાંદડાં જેવા હોય છે.

(અ) રસકસ વગરનાં માણસો સૂકાં પાંદડાંની જેમ ખરી જાય છે.

(બ) એવા પણ માણસો હોય છે કે જેઓ પોતાનાં સત્કર્મોની વાતો વધારી-ચડાવીને કહેતા ફરે છે.

(ક) ઘણા માણસો સમાજને કંઈ કામ આવતા નથી. તેઓ તો સૂકાં પાન જેવા નકામા જ ગણાય.

(ડ) માણસોએ લીલાં પાન જેવું બનવું જોઈએ, સૂકાં પાન જેવું નહીં.

5. લીલાં પાંદડાં શાંતિથી શાખાઓ પર ઝૂલે છે.

(અ) વૃક્ષ પરનાં લીલાં પાન હવામાં સરસ રીતે ઝૂલતાં રહે છે.

(બ) ઝાડની લીલાં પાંદડાવાળી શાખાઓ પર શાંતિ છવાયેલી હોય છે.

(ક) સેવાભાવી માણસો સમાજમાં શાંતિથી પોતાનું કામ કરતા રહે છે.

(ડ) ડાળીઓ પરનાં લીલાં પર્ણો શાંતિથી ઝૂલીને વન ગજવતાં હોય છે.

| 9. પ્રવૃત્તિ : ટુચકાનો તરખાટ | તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- ટુચકો પૂરો કરો.

1. સચીન : .......... છગ્ગા અને .......... ચોગ્ગા.

( Hint : સચીનની ઉંમર 44 હોય તો... ટુચકો પૂરો કરો. )

# ચૌદમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : કામની યાદી   તા.   જૂથકાર્ય

- ચાર-ચાર મિત્રો જૂથમાં બેસો. હવે વિચારો કે તમારાં માતા-પિતા એક દિવસમાં સવારથી સાંજ સુધીમાં શું-શું કામ કરે છે? એવાં કયાં-કયાં કામ છે જે દરેકનાં માતા-પિતા કરે છે અને એવાં કયાં-કયાં કામ છે જે તમારાં જ માતા-પિતા કરે છે, પણ બીજાનાં માતા-પિતા કરતાં નથી? તમારાં માતા-પિતા કરતાં હોય અને બીજાનાં માતા-પિતા ન કરતાં હોય તેવાં કામ યાદ રાખો. ત્યારબાદ જૂથના કોઈ પણ વિદ્યાર્થીને આ વાત વર્ગસમક્ષ કહેવાની છે. જેમ કે : અમારા જૂથમાંથી મારા પિતા માટલું સાફ કરે છે. જ્યારે માત્ર હિનાની મમ્મી સાઈકલ લઈને શાક લેવા જાય છે.
  - કયા જૂથની રજૂઆત સૌથી સારી હતી? શા માટે?

## 2. પ્રવૃત્તિ : ફકરો પૂરો કરો   તા.   જોડીકાર્ય

- ફકરો વાંચો. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો અને ફકરો ફરીથી વાંચો.
  (ઢબૂરી, હથેળીએ, સોનેરી, ટીપકીવાળી, ઉન્નત, અર્ક, શ્વેત, રંગસભરતા, આછો કથ્થાઈ, રૂપેરી, હિમાચ્છાદિત, વહાલપભર્યાં, તળિયે, સિંદૂરિયો, પીળો, રંગવિહીનતા)
  ફકરો :

  દરેક રંગની સાથે કોઈ ખાસ સંદર્ભ આપણા મનમાં સચવાયેલો હોય છે. શુભ્ર. ........... રંગને યાદ કરતાં ........... હિમાલયનાં ........... શિખરો યાદ આવે. કાળો રંગ યાદ કરીએ તો આખીયે સૃષ્ટિને પોતાની ........... ચાદરમાં ........... દેતી રાત્રિ યાદ આવે. લીલો રંગ ધરતી માતાના ........... પાલવની યાદ અપાવે. તો લાલ રંગ શિશુની ........... અને પગનાં ........... ઊપસી આવતી તંદુરસ્તીની યાદ અપાવે. ........... રંગ યાદ અપાવે ડૂબતા સૂરજની, તો ........... રંગ યાદ અપાવે પતંગિયાની પાંખોની. ભૂરો રંગ મનમાં આકાશની અનંતતા ભરી દે છે. તો ........... રંગ યાદ કરતાં માટીની મહેકથી તરબતર થઈ જવાય છે............ રંગો ઊગતા સૂરજની કિરણ-સળીમાંથી બન્યો હશે? અને ........... રંગ? તારાઓના ........... માંથી બન્યો હશે? કદાચ સૃષ્ટિના બધા જ રંગભર્યા તત્ત્વોની વચ્ચે છે રંગવિહીન જળ. જળની પોતાની રંગવિષયક કોઈ જ ઓળખાણ નહિ પણ બધા જ રંગો પોતાનામાં સમાવી લેવાની અદ્ભુત વિશાળતા. મેઘધનુષ્યના

સાતે રંગો આ પાણીની જ કરામત. કોઈપણ રંગ પાણીમાં ઉમેરીએ, પાણી પોતાના સંપૂર્ણ અસ્તિત્વથી તેને સ્વીકરી લે છે. જાણે કે પાણી '..........' જ બની રહે છે અની '..........'

સંદર્ભ : પુસ્તક-'ઝાકળબિંદુ'- રેણુકા દવે – રંગ – પાના નં-47

| **3. પ્રવૃત્તિ : ગણિતગ્રહણ** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|


- ગણિત પાઠયપુસ્તકના પાના નંબર 21પરનો ફકરો અગાઉના ધોરણમાં ... એક ચલ સુરેખ સમીકરણ કહે છે. વાંચી જોડીમાં ચર્ચા કરી પ્રશ્નોના જવાબ આપો.

પ્રશ્નો :

1. ઉદાહરણ ધ્યાનપૂર્વક જુઓ બૈજિક પદાવલિ હોય તો ☐માં 'B' લખો અને જો સમીકરણ હોય તો ☐માં 'S' લખો.
    1. $6x = 24$ ☐
    2. $x^2yz + x^2 + y + z^2$ ☐
    3. $y^4 + y^2$ ☐
    4. $8z + 10 = -6$ ☐
    5. $2yz + 9$ ☐
    6. $x = 10$ ☐
    7. $2x + \frac{7}{2} = \frac{49}{3}$ ☐
2. સમીકરણ પદાવલિથી કઈ રીતે અલગ પડે છે?
3. એક ચલ સુરેખ સમીકરણ એટલે?...
    (A) માત્ર એક ચલ, ચલની ઘાત 1 કરતા વધુ અને આલેખ રેખા મળે.
    (B) માત્ર એક ચલ, ચલની ઘાત 1 અથવા 1 થી ઓછી અને આલેખ રેખા મળે.
    (C) માત્ર એક ચલ, ચલની ઘાત 1 અને માત્ર 1 અને આલેખ રેખા મળે.
4. જે પદાવલિઓનો ઉપયોગ એક સુરેખ સમીકરણ બનાવવા થઈ શકે એમ હોય તો તેની સામે ☐ માં ☺ દોરો.
    1. $5z$ ☐
    2. $1 + z + z^2 + z^3$ ☐
    3. $2x - 5$ ☐
    4. $10z^2 + 5$ ☐

5. $13 - 5x$ ☐

5. નામનિર્દેશન કરો.




- જોડીમાં કરેલા કામને વર્ગ સમક્ષ રજૂ કરો.

| **4. પ્રવૃત્તિ : મેરા વાહન મેરા અભિમાન** | **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- જૂથમાં પરસ્પર પૂછો કે તમને કયું વાહન ગમે છે? હવે જો તમારા જૂથને કોઈ એક જ વાહન ખરીદવાનું હોય તો તમે કયું વાહન પસંદ કરશો? ટુકડીના બધા મિત્રો સાથે મળીને નક્કી કરો. તે વાહનનું વર્ણન કરો. તમારી ટુકડીને આ વાહન શા માટે ગમે છે અને આ વાહનમાં બેસીને તમે કેવા જલસા કરશો? તેની વાત આખા વર્ગને કરો. આ પહેલાં તમારી ટુકડીમાંથી કોણ આખા વર્ગને વાત કરશે તે નક્કી કરો.

| **5. પ્રવૃત્તિ : પ્રશ્નસંરચના** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- લીટી દોરેલ શબ્દ જવાબ તરીકે મળે તે રીતે ચાર પ્રશ્નો બનાવો.

ઉદાહરણ :

વાક્ય : ગીતાએ મીતાનેકેસરી રંગની પેન આપી.

1. મીતાને કેસરી રંગની પેન કોણે આપી?
2. ગીતાએ કેસરી રંગની પેન કોને આપી?
3. ગીતાએ મીતાને શું આપ્યું?
4. ગીતાએ મીતાને કેવા રંગની પેન આપી..?

**વાક્ય :**

સંસ્કૃતિ તેના ભાઈ ઓમને લેવા સાંજે સાત વાગ્યે રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર – ચાર પર ઝડપથી પહોંચે છે.

ઓછામાં ઓછા આઠ પ્રશ્નો બનાવો.

## 6. પ્રવૃત્તિ : જુઓ અને કહો તા. જૂથકાર્ય

- સૂચના – આપેલ કોષ્ટકનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ વિચારો, ચર્ચા કરો અને લખો.

**હિમાલય સિવાય ભારતભૂમિ અન્ય પર્વતમાળાથી શોભી રહી છે જુઓ.**

| પર્વતમાળા | રાજ્યો | લંબાઈ | ઊંચાઈ |
|---|---|---|---|
| અરવલ્લી | રાજસ્થાન | 560 km | 300 – 900 m |
| વિંધ્યાચલ | મધ્યપ્રદેશ<br>ઉ.પ્ર. બિહાર | 1086 km | 450 – 110 m |
| સાતપુડા | મ.પ્ર.<br>ગુજરાત<br>છત્તીસગઢ | 1500 km | 400 – 1600 m |
| પશ્ચિમઘાટ<br>નીલગિરિ | ગુજરાત<br>ગોવા<br>મહારાષ્ટ્ર<br>કેરલ<br>કર્ણાટક | 1500 km | 400 – 1600 m |
| પૂર્વઘાટ | ઓરિસ્સા<br>આંધ્રપ્રદેશ<br>તામિલનાડુ | 800 km | 300 – 1100 m |
| દક્ષિણઘાટ | તામિલનાડુ | 200 km | 450 – 1200 m |

- કઈ પર્વતમાળા સૌથી લાંબી છે?
- ગુજરાતમાં કઈ પર્વતમાળા છે?
- સાતપુડા પર્વતમાળા કયાં કયાં રાજ્યોમાં ફેલાયેલી છે?
- પર્વતમાળા એટલે

  (અ) પર્વતોની શૃંખલા

  (બ) પર્વતોનો સમૂહ

  (ક) નદીકિનારે આવેલા પર્વતો

  (ડ) એક કરતાં વધારે રાજયમાં વિસ્તરેલા પર્વતો.
- લંબાઈની દૃષ્ટિએ પર્વતમાળાને ઊતરતા ક્રમમાં ગોઠવો.
- ઊંચાઈની દૃષ્ટિએ પર્વતમાળાને ચડતા ક્રમમાં ગોઠવો.

- ઊંચાઈની દૃષ્ટિએ સૌથી ઊંચી પર્વતમાળા કઈ છે?
- ભારતની ઉત્તરથી દક્ષિણ તરફ પર્વતમાળાને ગોઠવો.
- કુલ કેટલાં રાજ્યોમાં પર્વતમાળાઓ છે?
- સૌથી વધારે પર્વતમાળા કયા રાજ્યમાં છે?
- રાજ્યો પ્રમાણે પર્વતમાળાની માહિતી નોંધો.

| રાજ્ય | પર્વતમાળા |
|---|---|
| ગુજરાત | |
| મહારાષ્ટ્ર | |
| રાજસ્થાન | |
| મધ્યપ્રદેશ | |

**7. પ્રવૃત્તિ : હસાહસ... તા. જોડીકાર્ય**

- એકબીજાને ચોમાસું / મોબાઈલ / સ્વપ્ન / મુંબઈ / પ્રાણીસંગ્રહાલય જેવા વિષયોમાંથી કોઈ પણ એક વિશે પ્રશ્નો પૂછો અને તેના રમૂજી, કાલ્પનિક, તાર્કિક અને મજા પડે તેવા જવાબો આપો. આ વખતે તમને મોટેથી હસવાની છૂટ છે.

  દા.ત. મુંબઈ ક્યાં આવ્યું? જવાબ : બચ્ચન રહે છે ત્યાં.

**8. પ્રવૃત્તિ : શું સમજ્યા? તા. જોડીકાર્ય**

- ગુજરાતી પાઠ્યપુસ્તક (પ્રથમ સત્ર)ના પાના નં. 32 પરનો ફકરો વાંચી ચર્ચા કરી પ્રશ્નોના જવાબ આપો.
- ‘‘રાજા : ઠીક છે, ......... હાથમાં લે છે.

  1. સભામાં દાખલ થયેલ માણસ પહેલાં રાજાને અને પછી જગડુશાને પગે લાગ્યો. ... આ વર્ણનના આધારે રાજ્યસભાનો શિરસ્તો કેવો હશે તે જણાવો.
  2. પાના નં.-32 પરના છેલ્લા ભાગમાં આપેલા પંડિતજીના વર્ણન અને ચિત્રમાં શો તફાવત જણાય છે? - તે શોધો.

**9. પ્રવૃત્તિ : ગુજરાતીમાં ગણિત તા. જોડીકાર્ય**

- ઉદાહરણ પ્રમાણે અંકવાળા રૂઢિપ્રયોગોની યાદી બનાવો અને પછી વર્ગ સમક્ષ કહો.

  ઉદા. ચાર આંખ થવી.

## પંદરમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : લાડુ બનાવો તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, ચાર-ચારનું જૂથ બનાવો. આપણે 25 કિલોગ્રામ વજનનો લાડુ બનાવવો છે. તો તેમાં કઈ-કઈ વસ્તુઓ કેટલા પ્રમાણમાં જોઈશે તેની ચર્ચા જૂથમાં કરો અને યાદી બનાવો. યાદી વર્ગ સમક્ષ રજૂ કરો.

### 2. પ્રવૃત્તિ : શબ્દશોધ તા. વ્યક્તિગતકાર્ય

- ચોરસમાં આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તક (પ્રથમ સત્ર) પાના નંબર 42 પરથી શોધી તે શબ્દો પર લીટી કરો.

| | | |
|---|---|---|
| સુગંધ | સફેદ | મંજરી |
| હત્યારો | વટેમાર્ગુ | મથામણ |
| બટન | પલાશ | હોળી |
| | દૂર | |

### 3. પ્રવૃત્તિ : નામ પરથી વાક્યો તા. વ્યક્તિગતકાર્ય

- શિક્ષક વિદ્યાર્થીઓને વિજ્ઞાનનું કોઈપણ એક સાધન બતાવી તેનું નામ પૂછશે. જે તે સાધન વિશે વિદ્યાર્થી પાંચ વાક્યો બોલશે.

  ઉદા. બીકર : (૧) બીકરમાં દ્રાવણ લેવામાં આવે છે.

  (૨) બીકર જુદા જુદા માપનાં હોય છે.

- આ રીતે શિક્ષક પ્રયોગશાળાનાં વિવિધ સાધનો બતાવી નામ પૂછશે અને શબ્દ અભિવ્યક્તિ કરશે.

### 4. પ્રવૃત્તિ : બોલો, લખો, વાંચો તા. જોડીકાર્ય

- જૂથમાં વાતચીત કરી કોઈ એક વિષય પસંદ કરો. તેના વિશે 200 શબ્દોમાં એક ફકરો લખો. પછી તમારે તે વર્ગસમક્ષ સરસ રીતે વાંચી સંભળાવવાનો છે.

  દા.ત. મારું પ્રિય જોવાલાયક સ્થળ.

  ..........................................................................

  ..........................................................................

  ..........................................................................

  ..........................................................................

## 5. પ્રવૃત્તિ : ફેરબદલ કરીએ તા. જૂથકાર્ય


- દરેક જૂથને આપેલ કાવ્યપંક્તિ ગદ્યમાં, એટલે કે વાક્યમાં ફેરવવાની છે. પંક્તિનો ભાવ જળવાવો જોઈએ. વર્ગસમક્ષ તેની રજૂઆત કરો.

ઉદાહરણ :

1. જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે !
   - હે બાળક! અમારો પતિ જાગે એ પહેલાં તું આ પાણીમાંથી બહાર ચાલ્યો જા!
1. ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં.
2. તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો!
3. અભિમાન કરીને બોલિયો, તે સમે રાવણરાજ, અલ્યા, જનક! તેં શું પણ કર્યું, કહે મુજને આજ!

## 6. પ્રવૃત્તિ : ક્રમમાં ગોઠવો તા. જૂથકાર્ય

- નીચે દર્શાવ્યા પ્રમાણે ચતુષ્કોણ PQRS રચેલ છે. જ્યાં PQ = 4 સેમી, QR = 6 સેમી, RS = 5 સેમી, PS = 5.5 સેમી અને PR = 7 સેમી.




- ચાર બાજુ અને એક વિકર્ણની લંબાઈ આપ્યાં છે. તે પરથી ઉપર પ્રમાણે ચતુષ્કોણ PQRSરચેલ છે.
- આ રચના કાર્યના સોપાન નીચે મુજબ છે. ક્રમ આડોઅવળો ગોઠવેલ છે. તેને સાચા ક્રમમાં ગોઠવો.

1. બિંદુ S એ બિંદુ R થી 5 સેમી દૂર છે. તેથી R ને કેન્દ્ર લઈને 5 સેમીની ચાપ રચો.
2. બિંદુ S આપણે દોરેલી બંને ચાપ પર હોવું જોઈએ. તેથી તે બંને ચાપનું છેદબિંદુ છે. તેને S દર્શાવીને ચતુષ્કોણ PQRS પૂર્ણ કરો.
3. બાબાબા શરત પરથી $\Delta$PQR રચો.
4. હવે આપણે ચોથુ બિંદુ S દર્શાવીશું. આ બિંદુ S એ PRની સાપેક્ષે Qની વિરુદ્ધ દિશામાં દર્શાવીશું. આ માટે આપણી પાસે બે માપ છે.
5. બિંદુ S એ બિંદુ P થી 5.5 સેમી દૂર છે. જેથી P ને કેન્દ્ર રાખી 5.5 સેમીની એક ચાપ દોરો.

## 7. પ્રવૃત્તિ : મોનોલોગ : હું છું... તા. જૂથકાર્ય

- નીચેના ક્રાંતિવીરો વિશે મોનોલોગ – એકાંકી રજૂ કરો.

(વાસુદેવ બળવંત ફડકે, વીર સાવરકર, ખુદીરામ બોઝ, રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લાખાન, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, મેડમ કામા, શ્યામજી કૃષ્ણવર્મા)

ઉદાહરણ –મને ન ઓળખ્યો? … હા! ઠીક ઓળખ્યો.

હું ભગત સિંહ! મા-ભોમની આઝાદી માટે મારા દિલમાં આગ સળગતી હતી…

## 8. પ્રવૃત્તિ : રસોડાનો પ્રવાસ તા. જૂથકાર્ય

- તમારી તબિયત બગડી હોય ત્યારે મમ્મીએ રસોડાની જ કોઈ વસ્તુ ઉપચાર તરીકે આપી હોય અને તમારી તબિયત સારી થઈ ગઈ હોય તો તેની ચર્ચા જૂથમાં કરો. ત્યારબાદ રસોડામાં રાખવામાં આવતી વસ્તુઓમાંથી કઈ કઈ વસ્તુ કઈ કઈ બીમારીમાં ઉપચાર તરીકે કામમાં આવે છે તેની યાદી બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.
- જેમ કે, હિંગ –પેટની તકલીફમાં

## 9. પ્રવૃત્તિ : સમાનાર્થી વાક્ય તા. જૂથકાર્ય

- ગુજરાતી પાઠ્યપુસ્તક પ્રથમ સત્ર પૃષ્ઠ ક્રમાંક 41 પરનો ફકરો દેવળિયા ગામના … ફાળો હોય! વાંચો અને આપેલ વાક્યોને મળતાં આવતાં વાક્યો ફકરામાંથી શોધીને લખો.

1. દેવાળિયા ગામની ભાગોળે ધુળેટી રમતા હતા.
2. આખા ગામના સરખી ઉંમરના જુવાનો છે.
3. ધુળેટીનો તહેવાર ગાંડપણનો તહેવાર છે!
4. ગઈકાલે હોળીનો તહેવાર હતો એટલે બધા જુદા જુદા રંગોથી રંગાયેલા હતા.
5. ઘેરૈયા હૃદયથી વધુ આનંદમાં આવી ગયા હતા.

## 10. ટુચકાનો તરખાટ તા. વ્યક્તિગતકાર્ય

- અહીં બે જોક્સના સંવાદ ભેગા થઈ ગયા છે. તેને છૂટા પાડી વર્ગ સમક્ષ વાંચો.

રાજુ : કાલે અમારા સાહેબ પૈસામાંથી રૂપિયા ફેરવતાં શીખવશે!

શિક્ષક : ગણિતના બધા દાખલા ખોટા છે.

પપ્પા : બેટા, આજે આટલો ખુશ કેમ?

વિદ્યાર્થી : પણ સાહેબ, આ દાખલા તો મારા પપ્પાએ ગણી દીધા છે!

## સોળમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : દેખ ભાઈ દેખ  તા.  જોડીકાર્ય

- તમારા ઘરની બાજુમાં ન રહેતા હોય તેવા વિદ્યાર્થી સાથે જોડી બનાવો. તમે ઘરેથી નીકળીને શાળાએ આવો ત્યાં સુધીમાં રસ્તામાં જે જે દુકાનો આવતી હોય તે દુકાનનાં નામ જેમ પાટિયા(બોર્ડ) પર લખ્યાં હોય તેમજ તથા જે ભાષામાં લખ્યાં હોય તે ભાષામાં જ જૂથમાં બોલો અને લખો. ત્યારબાદ જૂથમાં ચર્ચા કરીને નક્કી કરો કે તે જોડણીશુદ્ધ લખાયાં છે કે કેમ? જે બોર્ડ પર જોડણીની ભૂલ (અંગ્રેજી કે ગુજરાતી) હોય તે સુધારીને ફરી લખો. ત્યારબાદ કેટલી દુકાનોનાં બોર્ડનાં નામ સાચાં લખ્યાં છે અને કેટલી દુકાનોનાં બોર્ડના નામમાં ભૂલ હતી તે વર્ગ સમક્ષ રજૂ કરો અને ખોટાં નામ અને સુધારેલાં નામ વર્ગના કાળાપાટિયા પર લખો.

### 2. પ્રવૃત્તિ : ફકરો પૂર્ણ કરો  તા.  જોડીકાર્ય

- કૌંસમાંના શબ્દોનો એકથી વધુ વખત ઉપયોગ કરી શકાશે.
(મોતી, પાટ, સારુ, ભીંજાઈ, મોતીબિંદુ, રામબાણ, ધ્રૂજતે, આલેખી, ભગંદર, તરી, ક્ષણવાર, શુદ્ધ, પ્રેમબાણે, પાછા, દુઃખ, ચિતારો)

મેં .......... હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની ..........ની સામે બેઠો. આ વેળા તેમને ..........નું દરદ તો હતું જ, તેથી તેઓ ખાટલાવશ હતા. ખાટલાને બદલે લાકડાની .......... વાપરતા હતા. તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી ..........નાં બિંદુ ટપક્યાં. ચિઠ્ઠી ........... . તેમણે .......... આંખ મીંચી ચિઠ્ઠી ..........નાંખી તે પોતે વાંચવા બેઠા થયા હતા તે .......... સૂતા. હું પણ રડ્યો. પિતાજીનું .......... સમજી શક્યો. હું .......... હોઉં તોએ ચિત્ર આજે સંપૂર્ણતાએ .......... શકું એટલું તે આજે પણ મારી આંખ સામે .......... રહ્યું છે. એ ..........નાં .......... મને વીંધ્યો. હું .......... થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે. .......... વાગ્યાં રે હોય તે જાણે.

### 3. પ્રવૃત્તિ : રોલ પ્લે : વૈદ્ય અને દર્દી  તા.  જોડીકાર્ય

- તમારા વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના પાના નં. 24 પરનું કોષ્ટક 2.1 જુઓ અને તેની જૂથમાં ચર્ચા કરો. ત્યારબાદ જૂથમાંથી એક વિદ્યાર્થી વૈદ્ય બને અને બાકીના વિદ્યાર્થીઓ અલગ અલગ રોગના રોગી બને. ત્યારબાદ વૈદ્ય અને રોગીઓનું નાટક ભજવવા માટે કયા કયા સંવાદો તમે બોલશો તેની જૂથમાં ચર્ચા કરો અને અભિનય કરો.

## 4. પ્રવૃત્તિ : ચાલો, ચોરસ કે લંબચોરસ દોરીએ    તા.    જૂથકાર્ય

- નીચે આપેલ માપ પ્રમાણે ચોરસ કે લંબચોરસ દોરો.
  1. જેની પરિમિતિ 22 સેમી થાય તેવો લંબચોરસ દોરો.
  2. 24 સેમી પરિમિતિ થાય અને મહત્તમ ક્ષેત્રફળ મળે તેવો ચોરસ કે લંબચોરસ દોરો.
  3. 25 ચો.સેમી ક્ષેત્રફળ મળતું હોય તેવો ચોરસ દોરો.
- ઉપરની પ્રવૃત્તિ પરથી વિચારો કે પરિમિતિ સમાન હોય તેવા ચોરસ અને લંબચોરસ, બંનેમાંથી કોનું ક્ષેત્રફળ વધારે થાય?

## 5. પ્રવૃત્તિ : મારા ટીચર, મારું ઈનામ    તા.    જૂથકાર્ય

- ગામના કોઈ શ્રેષ્ઠી (ધનવાન, આબરૂદાર માણસ)એ મોટા ઈનામની જાહેરાત કરી છે. જૂથમાં ચર્ચા કરો કે આ મોટું ઈનામ એટલે શું હશે? આ મોટું ઈનામ તમારી શાળાના કોઈ શિક્ષકને આપવાનું હોય, તો તમે એ કયા શિક્ષકને અપાવો? શા માટે તે શિક્ષકને જ અપાવો. તેની ચર્ચા કરો. આ શિક્ષકને ઈનામ મળે તે માટે તમે શ્રેષ્ઠીને જે કહેવાના હો તે નક્કી કરો. ત્યારબાદ વર્ગસમક્ષ રજૂ કરો.

## 6. પ્રવૃત્તિ : એકમાંથી બે    તા.    જોડીકાર્ય

- આપેલ એક વાક્યમાં બે વાક્યો સામેલ છે તથા તેના શબ્દો આડાઅવળા થઈ ગયેલ છે. તો શબ્દોને ગોઠવી બે વાક્યો અલગ કરો.

  ઉદાહરણ :

  મોબાઈલ ગણતરીઓ વડે છે સુવિધાવાળા ઈમેલ શકાય ઈન્ટરનેટની ઝડપે કરી કમ્પ્યૂટર શકે કરી છે અનેકગણી.

  વાકય-1 : ઈન્ટરનેટની સુવિધાવાળા મોબાઈલ વડે ઈમેલ કરી શકાય છે.

  વાક્ય-2 : કમ્પ્યૂટર અનેકગણી ઝડપે ગણતરીઓ કરી શકે છે.

  1. ન્યાયતંત્ર સર્વોચ્ચ સ્વતંત્ર વડી ચુકાદાની અદાલતમાં જોઈએ વિરુદ્ધ અદાલતના તે ગઈ હોવું.
  2. ભેજનું ઘટાડે પ્રમાણે બેક્ટેરિયા મૃત્યુ વિનેગરની પામે હાજરીમાં છે શર્કરા છે.
- પ્રવૃત્તિના અંતે શિક્ષક દરેક જોડીએ બનાવેલાં વાક્યોની રજૂઆત કરાવશે.

**7. પ્રવૃત્તિ : અલગ-અલગ  તા.  જોડીકાર્ય**

- સામાજિક વિજ્ઞાન ધોરણ-8ના દ્વિતીય સત્ર, પાના નંબર 41 પર આપેલો ફકરો વાંચો અને કોઠાની વિગત ભરો.

  ફકરો : જન્મ-મૃત્યુ દરની જેમ ........... વસતિવધારો જોવા મળે છે.

| **વસતીવધારાનો દર નીચો રહેવાનાં કારણો** | **વસતીવધારાનાં કારણો.** |
| --- | --- |
| • | • |
| • | • |
| • | • |
| • | • |
| • | • |
| • | • |

**8. પ્રવૃત્તિ : ઝીણી આંખે જુઓ  તા.  જોડીકાર્ય**

- 'શરૂઆત કરીએ' કાવ્ય, ગુજરાતી દ્વિતીય સત્ર પાન નંબર 13 પરના ચિત્રની જગ્યાએ તમારે ચિત્ર દોરવાનું હોય તો તમે તે ચિત્રમાં શું-શું દોરો અને શા માટે તેવું ચિત્ર દોરો તેની ચર્ચા તમારા જોડીદાર સાથે કરો. ત્યારબાદ વર્ગમાં રજૂ કરો.

**9. પ્રવૃત્તિ : તમે સમજ્યા કે?  તા.  જોડીકાર્ય**

- ગુજરાતી પ્રથમ સત્ર – 'દીકરાનો મારનાર' પાન નં. 41 પરનો ફકરો વાંચો અને આપેલ વાક્યોને  , × કે ?ની નિશાની કરો

  ફકરો : દેવળિયા ... મે'માન ક્યાંથી હાથ આવે.

  1. દેવળિયા ગામના સૌ સાથે મળીને ધુળેટીની ઉજવણી કરી રહ્યા છે. ☐
  2. ગામના જ કેટલાક જુવાનો એકમેકને રંગી રહ્યા હતા. ☐
  3. દેવળિયા ગામના લોકો ઉલ્લાસપૂર્વક ધુળેટીની ઉજવણી કરી રહ્યા હતા. ☐
  4. ગામડાની ધુળેટીની ઉજવણીમાં શાંતિનો માહોલ જોવા મળે છે. ☐
  5. મંદોદરખાન ગામનાં જ કોઈ અન્ય સામાન્ય વ્યક્તિ જેવા લાગે છે. ☐
  6. મંદોદરખાન ધુળેટીની ઉજવણીમાં સામેલ હતા. ☐
  7. ઘેરૈયાઓ રંગોથી રમીને સંતુષ્ટ થઈ ગયા હતા. ☐

# સત્તરમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : વસ્તુઓની તુલના કરો. તા. જૂથકાર્ય

દાત. સાઈકલ અને બાઈક

- સાઈકલ અને બાઈકની તુલના કરો. તુલનામાં સમાનતા અને તફાવત બંને કહો. તે જ રીતે વ્યક્તિ અને મોટરકાર વચ્ચે તુલના કરો.
- જુદા-જુદા ખોરાક જેવા કે સમોસા અને સેન્ડવિચ, ઘરવપરાશની વસ્તુઓ, ખાંડણી-દસ્તો અને મિક્ચર, ખૂબ જ જાણીતી વ્યક્તિઓ વચ્ચે તુલના કરો અને વર્ગસમક્ષ રજૂ કરો.

## 2. પ્રવૃત્તિ : વિરુદ્ધ અર્થવાળા રૂઢિપ્રયોગો તા. જોડીકાર્ય

- નીચે આપેલા રૂઢિપ્રયોગોની સામે વિરુદ્ધ અર્થવાળા રૂઢિપ્રયોગો તમારા મિત્ર સાથે ચર્ચા કરી લખો.

1. આંખનો કણો × ..........................................................
2. ઊગી નીકળવું × ..........................................................
3. કૂખ ઉજાળવી × ..........................................................
4. જીભ ચલાવવી × ..........................................................
5. નાક રાખવું × ..........................................................
6. નાકે દમ આવવો × ..........................................................
7. પગ વાળીને ન બેસવું × ..........................................................
8. ભાવ પૂછવો × ..........................................................
9. લોઢાના ચણા ચાવવા × ..........................................................
10. હાથનો મેલો × ..........................................................

## 3. પ્રવૃત્તિ : તમે સમજ્યા? તા. જોડીકાર્ય

- વિજ્ઞાનના પાઠ્યપુસ્તક પાના નં.77 પરના ફકરાના આધારે પ્રશ્નોના જવાબ આપો.

ફકરો : આપણે પૃથ્વી ................ નાબૂદીનાં કારણો છે.

1. 'વનનાબૂદી' એટલે ..........

(અ) જમીનનો ઉપયોગ મકાનો બાંધવા કરવો.

(બ) જમીન પર ખેતી કરવી.

(ક) વનની જમીનના વિસ્તારમાં ઘટાડો થવો.

(ડ) વનમાં વૃક્ષોનું છેદન કરવું.


2. માનવજાતિને ટકી રહેવા શું જરૂરી છે?
   (અ) વૃક્ષોની કાપણી ન કરવી જોઈએ.
   (બ) લાકડાંનો ઉપયોગ ફર્નિચર – બળતણમાં ન કરવો.
   (ક) શકય તેટલી ખેતીવાડી ઓછી કરવી.
   (ડ) પૃથ્વી પર પ્રાણી અને વનસ્પતિઓનું સંતુલન જાળવવું.
3. નીચેનામાંથી જે બાબતો વનનાબૂદીને વેગ આપે છે. તેની સામે ✓કરો.
   - o વૃક્ષોની બેફામ કાપણી.
   - o મકાનો બાંધવા જમીન રોકવી.
   - o બળતણમાં લાકડાનો વધુ ઉપયોગ.
   - o ઓછો વરસાદ.
   - o જંગલી પ્રાણીઓનો શિકાર
   - o જંગલમાં લોકોનો વસવાટ
4. નીચેની બાબતો માટે શબ્દો શોધીને લખો.
   - o જંગલમાં લાગતી આગ : ....................................
   - o દરિયામાં લાગતી આગ : ....................................
   - o વૃક્ષોને કાપવાની પ્રક્રિયા : ....................................

**4. પ્રવૃત્તિ : હમ-તુમ તા. જોડીકાર્ય**

- તમારામાં અને તમારા મિત્રમાં દેખાવ, કુટુંબ તથા ગમા-અણગમા અને ટેવોમાં શું સરખું છે અને શું જુદું છે તે વાતચીત કરીને જાણો. ત્યારબાદ વર્ગસમક્ષ રજૂ કરો.

**5. પ્રવૃત્તિ : મગજ કસો તા. જૂથકાર્ય**

- આપેલ સાત સંખ્યાથી મહત્તમ કિંમતની સંખ્યા બનાવો.




- ચાર અંકની મહત્તમ સંખ્યાઓ બનાવો, પણ દરેક સંખ્યામાં 3 નો અંક હોવો જોઈએ.
- પાંચ અંકની મહત્તમ સંખ્યા બનાવો.

## 6. પ્રવૃત્તિ : શબ્દજોડ        તા.        જોડીકાર્ય

- અહીં પૃથ્વીના ગોળાના બંને ધ્રુવોમાં કેટલાક શબ્દો આપેલા છે. બંને ધ્રુવોમાંથી એક એક શબ્દ પસંદ કરી ઉદાહરણ પ્રમાણે શબ્દજોડી બનાવી ખાનામાં લખો.




| ઉત્તરધ્રુવ | દક્ષિણધ્રુવ | | શબ્દજોડો |
|---|---|---|---|
| ખંડ | ભૂમિ | ⇨ | ભૂમિખંડ |
| | | ⇨ | |
| | | ⇨ | |
| | | ⇨ | |

## 7. પ્રવૃત્તિ : વાર્તાકથન        તા.        જોડીકાર્ય

- આપેલા મુદ્દાનો આધાર લઈને વાર્તા બનાવો.

  શિક્ષકે શરૂઆતમાં મુદ્દાને કેવી રીતે વિકસાવી શકાય એની સમજ આપવી, જેથી વિદ્યાર્થીઓને વાર્તા બનાવવાની પ્રવૃત્તિમાં સરળતા રહે.
- વિષયવસ્તુ : રાજાનું છુપાવેશે ફરવું – દરવાનને પૈસાની લાલચ આપવી – દરવાનનું ના પાડવું – રાજાનો આગ્રહ ચાલુ રહેવો – દરવાનનો ગુસ્સો – રાજાને તમાચો ઝીંકી દેવો – બીજા દિવસે દરવાનને દરબારમાં બોલાવીને રાજા દ્વારા સન્માન થવું.

**8. પ્રવૃત્તિ : જાદુ ..........** **તા.** **સમૂહકાર્ય**

- તમારામાંથી કોઈ એક વિદ્યાર્થી બીજા કોઈ ગ્રહ ઉપરથી આવ્યો હોય તેમ બધાની વચ્ચે વર્ગમાં ઊભો રહેશે. તેને કોઈપણ બે વસ્તુનો પરિચય કરાવો. તે પ્રશ્ન પૂછે તેનો જવાબ આપો. આ રીતે ત્રણ-ચાર અલગ અલગ વિદ્યાર્થી પાસે આ પ્રકારની રમત રમો અને અલગ અલગ વસ્તુનો પરિચય કરાવો અને સંવાદ કરો.

  જેમકે..... અ- આ પેન્સિલ છે.

  બ- હેં! એ ખવાય?

  અ- ના, એનાથી લખાય.

  બ- લખાય એટલે શું?

  અ- જો! આમ કાગળ પર લખવાનું.....

  બ- આ શું લખ્યું છે?

  અ- ગુલાબ

  બ- એ કેમ લખાય?

  આ રીતે સંવાદ આગળ વધારવો અને અન્ય વસ્તુ લેવી.

**9. પ્રવૃત્તિ : તમે સમજ્યા?** **તા.** **જૂથકાર્ય**

- તમારા 'સામાજિક વિજ્ઞાન' -દ્વિતીયસત્રના પાના નં.27 પરનો ફકરો વાંચીને નીચેના પ્રશ્નોના જવાબ આપો. (નર્મદા નદી પર..... ભંગ થશે નહિ)

1. નવાગામ ખાતેના જળાશય બંધની ઊંચાઈ 110 મીટરથી વધે નહિ તે માટે મધ્યપ્રદેશના પર્યાવરણનું જતન કરતી સ્વૈચ્છિક સંસ્થાઓએ શા માટે વિરોધ દર્શાવ્યો હતો?
2. મૂળભૂત અધિકારો એટલે શું?
3. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કોના તરફી હતો?
4. 'યોજનાથી વિપરીત અસર પામતા લોકોને ક્રમશઃ પુનર્વસન કરાવવામાં આવશે... '– આ વિધાનનો અર્થ શો?
5. રણ શાને કારણે આગળ વધતું હશે?

## અઢારમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : અમારી વાત   તા.   જૂથકાર્ય

- નીચેના 10 શબ્દો / શબ્દસમૂહો વાંચો. પ્રત્યેક જૂથ પોતાની રીતે ચર્ચા કરીને અને તે બધાનો ઉપયોગ કરી વાર્તા બનાવે અને રજૂ કરે.
- શબ્દો / શબ્દસમૂહો : બે મિત્ર, ફરવાનો શોખ, જંગલ, રાત, ભૂલા પડવું, બીક, બળદનો અવાજ, દોસ્તી કરવી, પાછળ-પાછળ, સલામત.

### 2. પ્રવૃત્તિ : જોડકાં જોડો   તા.   વ્યક્તિગતકાર્ય

- 'અ' વિભાગની કહેવતોના અર્થ ધરાવતી કહેવતો 'બ' વિભાગમાંથી શોધીનો જોડો.

| | અ | | બ |
|---|---|---|---|
| 1 | અધૂરો ઘડો છલકાય ઘણો | 1 | ટીપે ટીપે સરોવર ભરાય |
| 2 | ઉતાવળે આંબા ન પાકે | 2 | જેવી ભાવના તેવી સિદ્ધિ |
| 3 | કાંકરે કાંકરે પાળ બંધાય | 3 | ખાલી ચણો વાગે ઘણો |
| 4 | દાનત તેવી બરકત | 4 | ગાજ્યા મેહ વરસે નહિ |
| 5 | ભસતાં કૂતરાં કદી ન કરડે | 5 | બળિયાના બે ભાગ |
| 6 | વાવે તેવું લણે | 6 | કરે તેવું પામે |
| 7 | આંગળાં ચાટેય પેટ ન ભરાય | 7 | ધીરજનાં ફળ મીઠાં |
| 8 | સંગ તેવો રંગ | 8 | જ્યારે વળે પરસેવો ત્યારે મળે મેવો |
| 9 | મારે તેની તલવાર | 9 | ઝાઝા હાથ રળિયામણા |
| 10 | બે હાથ વિના તાળી ન પડે | 10 | સોબત તેવી અસર |

(1 -   ) (2 -   )(3 -   )(4 -   )(5 -   )(6 -   )(7 -   )(8 -   )(9 -   )(10 -   )

### 3. પ્રવૃત્તિ : બોલો ! હું કોણ?   તા.   જૂથકાર્ય

- તમારા 'સામાજિક વિજ્ઞાન'ના દ્વિતીય સત્રના પાઠયપુસ્તકના એકમ-1 'ધાર્મિક-સામાજિક જાગૃતિ' ને આધારે નીચેનાં વાકયો કોણ બોલ્યું હશે તે શોધી કાઢો.

1. મેં કોલકતામાં હિન્દુ કૉલેજની સ્થાપના કરી. ............................
2. મેં સ્વામી વિરજાનંદ પાસે હિન્દુશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ............................
3. અમારા મિશને 'જનસેવા એ જ પ્રભુસેવા' સૂત્રનો અમલ કર્યો. ......................
4. મારા શિષ્યએ 'વિશ્વધર્મ પરિષદ' માં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડયો. ...............
5. હું 'રહનુમા-ઈ-મઝદયરબન' સંસ્થાનો અગ્રણી નેતા હતો. .........................
6. મેં 'પંચમહાલ ભીલ સેવામંડળ'ની સ્થાપના કરી. ............................

## 4. પ્રવૃત્તિ : ડીંગ ડોંગ..... પ્રસ્તુત છે..... તા. જૂથકાર્ય

- જૂથમાં બેસીને તમે જોયેલી, સાંભળેલી જાહેરાતોને યાદ કરો. તે જાહેરાતમાં કયારે મજા આવી ગઈ, કઈ વાત ગમી, કયું વાકય ગમ્યું તે યાદ કરો. ત્યારબાદ જૂથમાં તમારી પ્રિય વસ્તુ નક્કી કરી તેના વિશે જાહેરાત બનાવો. આ જાહેરાતમાં જોડકણું, ચિત્ર, સૂત્ર, બનાવીને જાહેરાતને આકર્ષક બનાવો. વર્ગસમક્ષ રજૂ કરો.

## 5. પ્રવૃત્તિ : વાક્ય જોડી તા. જોડીકાર્ય

- આપેલાં બે વાકયોને યોગ્ય શબ્દની મદદથી જોડી એક વાકય બનાવો.

ઉદાહરણ :

1. કૃણાલને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો.
2. આ વર્ષે તેને સૌથી વધુ ગુણ મળ્યા

જવાબ : આ વર્ષે તેને સૌથી વધુ ગુણ મળ્યા એટલે કૃણાલને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો.

1. ખેડૂતો રાજી થાય.
   વરસાદ આવે.
2. તેઓ લખી શકતા નથી.
   વિદ્યાર્થીઓને આવડતું હોય છે.

## 6. પ્રવૃત્તિ : સમાન અર્થવાળું વાકય શોધો તા. જોડીકાર્ય

1. માણસ સ્વવિકાસ માટે કેટલીક પ્રવૃત્તિઓ જાણ્યે-અજાણ્યે કરે છે.
   (અ) માણસ સ્વવિકાસ માટેની પ્રવૃત્તિઓ સભાન રીતે કરે છે.
   (બ) માણસ જાણ્યે-અજાણ્યે પ્રવૃત્તિઓ કેટલીયે રીતે કરે છે.
   (ક) માણસ પ્રવૃત્તિઓ કરીને સ્વવિકાસ સાધવાની રીતો શોધે છે.
   (ડ) માણસ સભાનપણે-અભાનપણે સ્વવિકાસ માટેની કેટલીક પ્રવૃત્તિઓ કરે છે.
2. ગરમીથી બાષ્પ બની પાણી વરાળ સ્વરૂપે હવામાં ભળે છે, જેને ભેજ તરીકે ઓળખવામાં આવે છે.
   (અ) પાણીની વરાળ બને છે, જે ગરમી અને ભેજ તરીકે ઓળખવામાં આવે છે.
   (બ) વરાળ સ્વરૂપે હવામાં બાષ્પ બની તે ગરમીમાં ભળે છે.
   (ક) ઉષ્ણતાથી બાષ્પ બની પાણીની વરાળ હવામાં ભળે છે, જેને ભેજ તરીકે ઓળખવામાં આવે છે.
   (ડ) ગરમી-બાષ્પ-વરાળના ઉષ્ણતામાનને પરિણામે જે બને છે તે ભેજ તરીકે ઓળખવામાં આવે છે.

3. દ્રોણે અસ્ત્રવિદ્યાના પ્રભાવથી કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો.

   (અ) દ્રોણે અસ્ત્રવિદ્યાના જોરે કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો.

   (બ) દ્રોણે અસ્ત્રવિદ્યાના સ્મરણથી કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો.

   (ક) દ્રોણે અસ્ત્રવિદ્યાના વાંચનથી કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો.

   (ડ) દ્રોણે અસ્ત્રવિદ્યાના સથવારે કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો.

4. ભૂમિતિના શિક્ષક સમજાવવામાં સારા હતા, પણ મને કંઈ ગેડ જ ન બેસે.

   (અ) ભૂમિતિના શિક્ષક ખૂબ સારા હતા, પણ મને કંઈ સમજ જ ન પડે.

   (બ) ભૂમિતિના શિક્ષકની શીખવવાની રીત સારી હતી, પણ મને કંઈ સમજ જ ન પડે.

   (ક) ભૂમિતિના શિક્ષકની સમજણ સારી હતી, પણ મને કંઈ સમજાય જ નહીં.

   (ડ) ભૂમિતિના શિક્ષકની મહેનત સારી હતી, પણ મને કંઈ ગેડ જ ન બેસે.

5. ભણતા જોઈને મહેનત કરવાની પોતાની ટેવને એ વળગી રહ્યો.

   (અ) મહેનત કરતાં-કરતાં ભણવાની ટેવને એ જાળવતો રહ્યો.

   (બ) ભણતાં-ભણતાં મહેનત કરવાની પોતાની ટેવને એ વળગી રહ્યો.

   (ક) ભણતાં જોઈને ટેવને વળગી રહેવાની મહેનત જાળવતો રહ્યો.

   (ડ) ભણતી વખતે મહેનત કરવાની પોતાની ટેવને એ વળગી રહ્યો

## 7. પ્રવૃત્તિ : જો હું ............ હોઉં તો તા. જૂથકાર્ય

- પ્રત્યેક જૂથ શિક્ષક, કીડી, મચ્છર, સરપંચ, પાઈલોટ આ પાંચમાંથી ગમે તે એક પસંદ કરી 'જો હું હોઉં તો' વિશે ચર્ચા કરી સમ્મતિ સાધી જૂથ પ્રમાણે વર્ગસમક્ષ રજૂઆત કરશે.

## 8. પ્રવૃત્તિ : કાવ્ય-અર્થગ્રહણ તા. જોડીકાર્ય

- કાવ્ય વાંચી પ્રશ્નોના જવાબ આપો.

આપણ ખેતરિયે મંગલઃ
ટહુકે મારો, બાદલ વરસે ઝરમર ઝરમર જલ.
                    આપણ ખેતરિયે મંગલ.
ધરતીની ધૂળ ઝરતી આજે
                    મનહર મીઠી ગંધ,
નીલ દાભના અંકુરે શો
                    હલમલ રે આનંદ.

થલે થલે વ્હેતાં ઝરણાંનો નાદ રમે કલકલ.

હું લાવી ઓરામણ:’

લાવ્યો હું ધોરી ને હળ!

ભેળી તે મહેનતનાં આપણ

ભેળાં જમશું ફલ.

ધરા આભને આધારે જે

રંગછટા અંકાઈ,

એવાં રે જીવતર હૈયાંને

ઉમંગ રે શું ગાઈ,

દિનભરનાં ભીંજ્યાં પોઢણિયે ઓઢીશું કંવલ.

આપણ ખેતરિયે મંગલ.

- **રાજેન્દ્ર શાહ**

પ્રશ્નોના જવાબ આપો.

1. ખેડૂતને શા માટે આનંદ થાય છે?
2. ખેતીની કઈ ઋતુની વાત કરવામાં આવી છે?
3. વર્ષાઋતુમાં શું શું કરવામાં આવે છે?
4. ધરતીમાંથી મહેક કેમ આવે છે?
5. ‘ભેળી તે મહેનતનાં આપણ ભેળાં જમશું ફલ.’ આ પંક્તિનો અર્થ સમજાવો.
6. ‘રંગછટા’ શબ્દ સાંભળીને તમારા મનમાં કેવી લાગણી થાય છે?

## 9. પ્રવૃત્તિ : હું કોણ છું? તા. જૂથકાર્ય

- વિચારો હું કોણ છું?
  1. મારી ચારેબાજુમાંથી ફકત એક જ બાજુનું માપ આપ્યું હોય તો પણ મારું ક્ષેત્રફળ શોધી શકાય બોલો હું કોણ?
  2. મારે ફકત 1 જ અવયવ છે એટલે હું વિશિષ્ટ છું, બોલો હું કોણ?
  3. હું એક વિશિષ્ટ સંખ્યા છું, મારામાંથી ત્રણ કાઢો. તમે ક્રિકેટની એક આખી ટીમ બનાવવા માટે સક્ષમ છો.
  4. સંખ્યારેખામાં હું શૂન્યથી ડાબી બાજુએ 10 એકમ દૂર છું. બોલો હું કોણ?

## ઓગણીસમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : મારાં સૂચનો  તા.  જૂથકાર્ય

- તમારી શાળામાં તમારે બે બાબતો બદલવી છે. આ બે બાબતો કઈ હશે? તમે આ બાબતોને શા માટે અને કેવી રીતે બદલશો તેની ચર્ચા જૂથમાં કરો અને વર્ગસમક્ષ કહો.


### 2. પ્રવૃત્તિ : અવિરલ ફકરો  તા.  જૂથકાર્ય


- એક પણ શબ્દનો ફરીથી ઉપયોગ ન થાય તે રીતે આશરે 50 શબ્દોનો ફકરો લખો. (ઉદાહરણ જુઓ) અને વર્ગસમક્ષ વાંચો.


  ઉદાહરણ : અમે શામળાજી ગયાં હતાં. ત્યાં શામળિયા ભગવાનનું મંદિર છે. આ સ્થળ તો ડુંગરોમાં વસેલું. અહીં સૌએ દર્શન કર્યાં. શિક્ષકોએ બધાને નાસ્તો કરાવ્યો. ત્યારબાદ અમને કેટલીક ઐતિહાસિક માહિતી આપવામાં આવી. પ્રાચીન ગ્રંથોમાં પણ જે સ્થાનનો ઉલ્લેખ હોય એને માટે માન થયા વિના ન રહે. આચાર્યશ્રીએ કહ્યું - આપણે હવે વીરેશ્વર જઈએ છીએ !


### 3. પ્રવૃત્તિ : વક્રનું વર્ગીકરણ  તા.  જૂથકાર્ય


- નીચે આપેલ વક્રનું કોષ્ટક મુજબ વર્ગીકરણ કરો.



(i)


(ii)


(iii)


(iv)


(v)


(vi)


(vii)


(viii)

| સરળ બંધ વક્ર | બંધ વક્ર જે સરળ નથી | સરળ વક્ર જે બંધ નથી | વક્ર જે સરળ નથી |
|---|---|---|---|
| | | | |

## 4. પ્રવૃત્તિ : ડ્રાંઉ-ડ્રાંઉ તા. વ્યક્તિગત કાર્ય

- આ પ્રવૃત્તિ સમૂહમાં રમો. (કોઈ એક વિદ્યાર્થી) ઊભા થઈને શિક્ષકે આપેલા એક સામાન્ય / પરિચિત મુદ્દા પર બોલો. તમારે માત્ર પાંચ વાકયો બોલવાનાં છે. બોલતી વખતે જો ભાષાકીય ભૂલ કે અન્ય ભાષાનો પ્રયોગ કરશો તો તે સમયે વાર્ગખંડમાંથી કોઈપણ વિદ્યાર્થી ડ્રાંઉ-ડ્રાંઉ બોલી તેને ત્યાં અટકાવો. પોતે જે ભૂલ નોંધી તે જણાવો. શિક્ષક ન્યાયાધીશની ભૂમિકા ભજવે. બોલાયેલ ડ્રાંઉ-ડ્રાંઉ સાચું છે કે ખોટું તે અંગે નિર્ણય આપો. નિર્ણય પ્રાપ્ત થયા બાદ ખરેખર તમે ભૂલ કરી ન હોય તો ફરીથી બોલવાનું શરૂ કરો, અન્યથા ભૂલ બતાવનાર વિદ્યાર્થી બોલે.

## 5. પ્રવૃત્તિ : જોડકણું રચીએ તા. જોડીકાર્ય

- જોડીમાં બેસીને શબ્દો પરથી જોડકણું બનાવો.

ઉદાહરણ : શબ્દો : જળ - નગર – જીવન

સ્વચ્છ નગર સ્વચ્છ જગત
જીવન માટે કરો જતન
શૌચક્રિયા શૌચાલયમાં
રાખો વિવેક આપણા સૌમાં
શાને કરીએ ગંદાં જળ
જળ એ જ જીવન.

શબ્દજૂથ :

1. દાદાજી - ચશ્માં - લાકડી
2. રાખડી - રંગબેરંગી - બહેની
3. ટપુડો - મનુડો - દડો - ભમરડો
4. હાથી - સસલું - ઉંદર – કીડી
5. ભયમ - ભયમ - ગાડી
6. ઝૂલો - મેળો - રમતાં - ચકડોળ - ઝૂલતાં
7. દાતરડુ - હાલરડુ - મોલ - મોર
8. આંબલી - પીપળી - લીંબોળી

(શિક્ષકે દરેક જોડીને એક-એક શબ્દજૂથ આપવું.)

## 6. પ્રવૃત્તિ : શબ્દપૂર્તિ તા. જોડીકાર્ય

- કૌંસમાંના શબ્દો યોગ્ય જગ્યાએ ગોઠવી વ્યાખ્યા પૂરી કરો.

(જમીન, બિનજરૂરી, ઓજાર, પરિપક્વ, પાક, કાપવાની, ઊગી નીકળે)

1. ખેતરમાં કેટલાક ........... છોડ ........... રીતે ............ છે તેને નીંદણ કહે છે.
2. ............ જ્યારે પૂર્ણ ............ થઈ જાય ત્યારે તેને ............ ક્રિયાને લણણી કહે છે.
3. ખરપિયો એ એક સરળ ............ છે. જે નીંદણને દૂર કરવા અને ............ ને ............ કરવા માટે વપરાય છે.

**7. પ્રવૃત્તિ : સ્વતંત્રલેખન તા. જોડીકાર્ય**

- ઋતુ અનુસારના કોઈ એક પાકને પસંદ કરી નીચેના મુદ્દા પરથી તમે શી રીતે તે પાકની ખેતી કરશો તેની નોંધ તૈયાર કરો.

1. ભૂમિને તૈયાર કરવી
2. રોપણી
3. કુદરતી અને કૃત્રિમ ખાતર આપવું
4. સિંચાઈ
5. નીંદણથી રક્ષણ
6. લણણી
7. સંગ્રહ

**8. પ્રવૃત્તિ : વિચારો.... વિચારો.... તા. જૂથકાર્ય**

- આપેલી પરિસ્થિતિમાંથી કોઈ એક વિશે જૂથમાં ચર્ચા કરો અને કરેલી ચર્ચાની વર્ગ સમક્ષ રજૂઆત કરો.

પરિસ્થિતિ-1 : શાળા માટે કોઈ વ્યક્તિએ 100000 નું દાન આપ્યું છે. આ રૂપિયાનું શું કરશો?

પરિસ્થિતિ-2 : તમારાં માતા-પિતા તમને પ્રવાસમાં જવાની ના પાડે છે. તેઓને કેવી રીતે સમજાવશો?

પરિસ્થિતિ-3 : કેટલાક વિદ્યાર્થીઓ શાળામાં જ્યાં-ત્યાં કચરો નાખીને ગંદકી કરે છે. તમે તેમને કેવી રીતે સમજાવશો?

આ અને આવી અન્ય પરિસ્થિતિઓ પણ તમે લઈ શકો.

**9. પ્રવૃત્તિ : કોઠાની સૂઝ તા. જૂથકાર્ય**

- સામાજિક વિજ્ઞાન (દ્વિતીયસત્ર)ના પાન નંબર-45 પરના પહેલા કોઠાનો અભ્યાસ કરો, તેના આધારે તમારા જૂથમાં નીચેના મુદ્દાઓ વિષે વિચારણા કરો. (ગુજરાતનો નકશો આપવો.)

1. આ કોઠામાં દર્શાવેલા જિલ્લા ગુજરાતના નકશામાંથી શોધો.
2. આ જિલ્લાઓમાંથી દક્ષિણ દિશામાં કયો જિલ્લો આવેલો છે?
3. વસતિમાં ટોપ જિલ્લા એટલે કેવા જિલ્લા?
4. પુરુષો અને મહિલાઓની વસતિ વચ્ચે સૌથી વધુ તફાવત હોય એવો જિલ્લો કયો છે?
5. સૌથી વધુ વસતિ કયા જિલ્લામાં છે? આવું કેમ હશે?
6. તમે આ જિલ્લાઓમાંથી કયા જિલ્લામાં રહો છો?

## વીસમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : શું કરું? શું ન કરું? તા. જોડીકાર્ય

- તમારા પર કોઈનું દબાણ ન હોય તો તમે શું શું કરવાનું છોડી દો? જોડીમાં બેસીને / વાતો કરીને કોઠો ભરો. પછી વર્ગ સમક્ષ રજૂ કરો.

ઉદાહરણ :

| ક્રમ | શું કરવાનું છોડી દો? | શું નવું કરો? |
|---|---|---|
| ઉદા. | નિશાળે જવાનું છોડી દઉં | ઝાડ પર ચઢું / જંગલ, નદી, પર્વત વગેરે સ્થાનોના લાંબા પ્રવાસે નીકળી પડું / આખો દિવસ ગમતી રમતનો અભ્યાસ કરું. |
| 1. | | |
| 2. | | |
| 3. | | |
| 4. | | |
| 5. | | |

### 2. પ્રવૃત્તિ : વાર્તા બનાવો તા. જૂથકાર્ય

- જૂથમાં બેસીને ગુજરાતી પાઠ્યપુસ્તક દ્વિતીય સત્ર પાના નં.33 પરનું 'સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે!' કાવ્યનું પઠન કરો. ચર્ચા કરો અને કાવ્યના પ્રસંગને આધારે વાર્તા બનાવો. કાવ્યમાં આવતા નવા શબ્દોનો તેમાં ઉપયોગ પણ કરો. પછી આ વાર્તા વર્ગમાં રજૂ કરો.

### 3. પ્રવૃત્તિ : શું સમજ્યા? તા. જોડીકાર્ય

- સામાજિક વિજ્ઞાન દ્વિતીય સત્ર ધોરણ-8 ના એકમ-8 ભારતની સમસ્યાઓ અને ઉપાય પાના નં. 67 પ્રથમ ફકરો વાંચી નીચેના પ્રશ્નોના જવાબ આપો.


1. ગ્રામ / ગ્રામીણ કક્ષાએ રોજગાર ઓછા થયા તેનું કારણ શું હોઈ શકે?
2. શહેરોમાં લોકોની સંખ્યા વધે તો કેવા કેવા પ્રશ્નો થઈ શકે?
3. બેકારી એટલે શું?
4. લોકોને રહેવા માટે પૂરતી જગ્યા ન મળતાં શહેરોમાં કેવી સમસ્યાઓ થાય છે?
5. શહેરોમાં બેકારી વધવાનું કારણ શું હોઈ શકે?
6. ફકરાના આધારે નીચેની વિગતો સાચી છે કે ખોટી તે જણાવો.
   - o શહેરોમાં વસતી વધતાં ગંદા વિસ્તારો પણ વધ્યા.

- o ગ્રામીણ વિસ્તારોમાં ખેતીમાં નવીનીકરણ કરવામાં આવ્યું.
- o ગ્રામીણ વિસ્તારોમાં વસતિ વધવા લાગી છે.
- o મયંકની ઉંમર 25 વર્ષની છે તે સાઈકલ રિપેરનો વ્યવસાય કરે છે તેને બેકાર કહેવાય.
- o વૈજ્ઞાનિક યુગ એટલે યંત્રયુગ

- વાકયોમાંથી કાર્ય અને કારણ શોધીને લખો.
  - o ધંધા માટે યુવાનોને <u>લોન આપવાથી બેરોજગારી ઘટે</u> છે.

    કારણ                કાર્ય

  - o જો બેરોજગારી દૂર કરવી હોય તો યુવાનોને ધંધા માટે લોન આપવી જોઈએ.
  - o ફકરાના આધારે નીચેની વિગતો ભરો.




| **4. પ્રવૃત્તિ : આનંદમેળો** | **તા.** | **જૂથ કાર્ય** |
|---|---|---|

- જન્માષ્ટમી નિમિત્તે તમારી શાળામાં એક મેળાનું આયોજન કરવાનું છે. તેમાં તમારે દરેક જૂથે એક-એક સ્ટોલ મૂકવાનો છે. તમે કયો-શાનો સ્ટોલ મૂકશો? સૌ પ્રથમ જૂથમાં ચર્ચા કરો અને પછી દરેક જૂથનાયક વર્ગ સમક્ષ પોતાના જૂથના વિચારો રજૂ કરશે.
- ચર્ચાના- આયોજનના સંભવિત મુદ્દા :
  - o તે સ્ટોલમાં કઈ કઈ વસ્તુઓ મૂકશો? તે કેવી રીતે મેળવશો?
  - o તે સ્ટોલમાં તમારા સભ્યોમાંથી કોણ કઈ જવાબદારી લેશે?
  - o ગ્રાહકોને ગુણવત્તાવાળી વસ્તુ મળે તે માટે તમે શું કરશો?
  - o તમારી વસ્તુ વધુ વેચાય તે માટે તમે શું શું કરશો?
  - o તમારા સ્ટોલનું નામ શું રાખશો?

| **5. પ્રવૃત્તિ : પંચમહાભૂત બનીએ** | **તા.** | **જૂથ કાર્ય** |
|---|---|---|

- તમે વિજ્ઞાન અને ટેકનોલોજી પાઠયપુસ્તકમાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વ વિશે શીખી ગયા છો. હવે વર્ગની કુલ હાજર સંખ્યા પ્રમાણે પાંચ જૂથમાં વહેંચાઈ જાઓ અને એક એક તત્ત્વ અને તેના મહત્ત્વ વિશે જૂથમાાં ચર્ચા કરો અને ત્યારબાદ ક્રમશઃ સમૂહમાં રજૂઆત કરો.
- જૂથ-1 પૃથ્વી તત્ત્વ - જમીન - (પાઠ્યપુસ્તક પાન નં. 02, મુદ્દા નં.1, 3) ખેતીની જમીન અને તેની જાળવણીનું મહત્ત્વ
- જૂથ-2 અગ્નિ તત્ત્વ : દહન અને તેના પ્રકારની સમજ, જ્વલનબિંદુની સમજ, બળતણનું મહત્ત્વ - (પાઠ્યપુસ્તક પાન નં.68, 69 મુદ્દા નં.6.2 અને 6.3)
- જૂથ-3 વાયુ તત્ત્વ : વિવિધ વાયુઓ હાઈડ્રોજન, ઓક્સિજન વગેરેની સમજ – વાયુઓનું મહત્ત્વ અને તેનો બગાડ ન થાય તે માટે રાખવાની કાળજીની ચર્ચા (પાઠ્યપુસ્તક પાના નં.239 મુદ્દા નં. 18.1 અને 18.2 અને 18.5)
- જૂથ-4 જલ તત્ત્વ : પાણીનું મહત્ત્વ – પૃથ્વી પરનું અમૃત – (પાઠ્યપુસ્તક પાના નં.245 મુદ્દા નં. 18.8 અને 18.9)
- જૂથ-5 આકાશ તત્ત્વ : આકાશી પદાર્થો તારા – ગ્રહો – ચંદ્ર – તારાનું મહત્ત્વ અને સમજ (પાઠ્યપુસ્તક પાના નં.215) સૂર્યમંડળની પ્રાથમિક સમજ.

| **6. પ્રવૃત્તિ : સંવાદ રચો** | **તા.** | **જૂથ કાર્ય** |
|---|---|---|

- ગુજરાતી પાઠયપુસ્તક દ્વિતીય સત્રના પૂરક વાચન, એકમ-5'ચાલો મળવા જઈએ'ના પાના નં.93 પરનો ફકરો વાંચી સંવાદરૂપે ગોઠવો. વિચારણા-વાતો કરો, પછી વર્ગસમક્ષ રજૂ કરો.
  ફકરો : મળવા પછી ચા-નાસ્તો તો ખરો જ ........... અમદાવાદી યજમાન !

| **7. પ્રવૃત્તિ : ભૂલ સુધારણા** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- નીચે આપેલ ફકરામાં વ્યાકરણ અને વાકયની દૃષ્ટિએ કેટલીક ભૂલો છે તે શોધો અને નીચે આપેલ જગ્યામાં સાચું લખો.

  કુદરતી ખાતર એક જૈવીક પદાર્થ છે. જેવનસ્પતિ અથવા પ્રાણીઓના વિધાનથી પ્રાપ્ત થાય છે. ખેડૂત વનસ્પતિ તેમજ પ્રાણીઓ એક ખાડામાં એકઠાં કરી નકામા દ્રવ્યોને તેનું વિઘટન થવા માટે ખુલ્લા છોડી દે છે. વિધાન કેટલાક સૂક્ષ્મજીવો દ્વારા થાય છે. વિઘટિત પદાર્થને

કુદરતી ખાતરના સ્વરૂપે ઉપયોગમાં લેવામાં આવે છે. તમે ધોરણ-6 માં વર્મી કમ્પોસ્ટ વિશે અભ્યાસ કરી ચૂકયાં છો.

(1) ................... (2) ................... (3) ...................

(4) ................... (5) ................... (6) ...................

(7) ...................

**8. પ્રવૃત્તિ : સંધિ જોડો તા. વ્યક્તિગતકાર્ય**

- ઉદાહરણ પ્રમાણે વાક્યમાં આપેલા બે જુદા-જુદા રેખાંકિત શબ્દોમાંથી એક શબ્દ બનાવો.

ઉદા. સૂર્યનો અસ્ત થાય ત્યારે મંદિરમાં ઝાલર વાગે છે. **સૂર્યાસ્ત**

1. આકાશમાં રાત્રે સપ્ત ઋષિઓનું ઝુમખું દેખાય છે. ..................
2. પૂર્વમાં સૂર્યનો ઉદય થાય છે. ..................
3. સુવિચારોનું ચારે બાજુથીસુઆગતકરવું જોઈએ...................
4. શિક્ષકોના પ્રશ્નોના પ્રતિઉત્તર આપો...................
5. જેઠાલાલપ્રેમઆનંદથી જીવન જીવે છે...................

**9. પ્રવૃત્તિ : વીડિયો ક્લિપ તા. જૂથકાર્ય**

આ QR કોડ સ્કેન કરીને વીડિયો ક્લિપ જુઓ અને નીચેની બાબતો પર જૂથમાં ચર્ચા કરો.

- એવાં કયાં કયાં કામ છે, જે કરવામાં બીજાની જરૂર પડે તેની યાદી કરો અને વર્ગ સમક્ષ કહો.